# આત્મધર્મ

માસિક : વર્ષ-૨૦ * અંક-૪ * ડિસેમ્બર, ૨૦૨૫



## ભરતક્ષેત્રના મહાસમર્થ આચાર્ય શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ

વીરનો ધ્વનિ જે ગુરુ પરંપર જે મળેલો,
પોતે વિદેહ જઈ દિવ્ય ધ્વનિ ઝીલેલો,
તે સંઘર્યો મુનિવરે પરમાગમોમાં,
ઉપકાર કુંદમુનિનો બહુ આ ભૂમિમાં.

માગશર વદ-૮,
તા. ૧૨-૧૨-૨૦૨૫
ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવનો
આચાર્યપદવી દિન

## આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

● અજ્ઞાની જીવ કર્મકૃત બાહ્ય વિકારમાં પણ નિરંતર 'હું છું' એમ માને છે. બરાબર છે-જેણે ધતૂરાનું ફળ ખાધું હોય તે શું પથ્થરને પણ સુવર્ણ નથી માનતો ? માને જ છે. ૧૨૮.(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, નિશ્ચય પંચાશત, શ્લોક-૩૧)

● અહો ! આત્માનો તે આ સહજ અદ્‌ભુત વૈભવ છે કે—એક તરફથી જોતાં તે અનેકતાને પામેલો છે અને એક તરફથી જોતાં સદાય એકતાને ધારણ કરે છે, એક તરફથી જોતાં ક્ષણભંગુર છે અને એક તરફથી જોતાં સદાય તેનો ઉદય હોવાથી ધ્રુવ છે, એક તરફથી જોતાં પરમ વિસ્તૃત છે અને એક તરફથી જોતાં પોતાના પ્રદેશોથી જ ધારણ કરી રખાયેલો છે. ૧૨૯.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, શ્લોક-૨૭૩)

● જે જીવો પર્યાયોમાં લીન છે તેમને પરસમય કહેવામાં આવ્યાં છે : જે જીવો આત્મસ્વભાવમાં સ્થિત છે તે સ્વસમય જાણવા. ૧૩૦.

(શ્રી કુંદકુંદાચાર્ય, પ્રવચનસાર, ગાથા-૯૪)

● સ્વજ્ઞેય આત્મા છે અને પરજ્ઞેય આત્મા સિવાયના જગતના સર્વ પદાર્થો છે, જેણે આ સ્વજ્ઞેય અને પરજ્ઞેયની ગુંચવણ (કોયડો) સમજી લીધી છે તેણે બધું જ જાણી લીધું છે એમ સમજો. ૧૩૧.

(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, સાધ્યસાધક દ્વાર, પદ-૪૭)

● પરદ્રવ્યની ચિંતામાં મગ્ન રહેનાર આત્મા પરદ્રવ્ય જેવો થઈ જાય છે અને શુદ્ધ આત્માના ધ્યાનમાં મગ્ન આત્મા શીઘ્ર આત્મતત્ત્વને-પોતાના શુદ્ધ સ્વરૂપને-પ્રાપ્ત કરી લે છે. ૧૩૨. (શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, જીવ અધકાર, ગાથા-૫૧)

● શુદ્ધ આત્માને જાણતો-અનુભવતો જીવ શુદ્ધ આત્માને જ પામે છે અને અશુદ્ધ આત્માને જાણતો-અનુભવતો જીવ અશુદ્ધ આત્માને જ પામે છે. ૧૩૩.

(શ્રી કુંદકંદાચાર્ય, સમયસાર, ગાથા-૧૮૬)

● જીવ શુદ્ધ નિશ્ચયનયથી શુદ્ધ આત્માનું ધ્યાન કરતો શુદ્ધ આત્મસ્વરૂપને પ્રાપ્ત કરે છે તથા વ્યવહારનયનું અવલંબન લઈને અશુદ્ધ આત્માનો વિચાર કરતો અશુદ્ધ જ આત્મસ્વરૂપને પ્રાપ્ત કરે છે. બરાબર છે—મનુષ્ય સોનામાંથી સોનામય કડું અને લોઢામાંથી લોહમય કડું જ ઉત્પન્ન કરે છે. ૧૩૪.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, નિશ્ચય પંચાશત, શ્લોક-૧૮)

વર્ષ–૨૦
અંક–૩




વિ. સંવત
૨૦૮૨
December
A.D. 2025




# પરમાગમ શ્રી પ્રવચનસાર શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



(ગાથા-૮૦ ના પ્રવચનમાંથી)

**અર્હંતના સ્વરૂપને જાણતા સ્વનું જ્ઞાન થાય છે.**
**અર્હંતના સ્વરૂપને જાણતા બધાનું જ્ઞાન થાય છે.**

અર્હંત જ્ઞાન, દર્શન, ચારિત્રથી પરિપૂર્ણ છે તે અસ્તિથી અને અર્હંતમાં અજ્ઞાન, રાગદ્વેષને અધૂરાશ બિલકુલ નથી તે નાસ્તિથી–એમ બંને પ્રકારે અર્હંતનું સ્વરૂપ જાણ્યું તેને બધાનું જ્ઞાન થાય છે. તેમાં પરિપૂર્ણ જ્ઞાનસ્વરૂપ અશરીરી સિદ્ધનું જ્ઞાન થાય છે, સમ્યગ્દર્શન હોય પણ અધૂરાશ હોય એવા સાધક-આચાર્ય, ઉપાધ્યાય, સાધુનું જ્ઞાન થાય છે. જ્ઞાનતત્ત્વથી વિરુદ્ધ મનાવનાર, શુભમાં ધર્મ ને અધૂરાશથી લાભ મનાવનાર મિથ્યાદૃષ્ટિના સ્વરૂપનુ ંપણ જ્ઞાન થાય છે. એટલે અર્હંતને જાણતા પોતાને જાણ્યો ને પોતાને જાણતા સિદ્ધ જીવો, સાધકજીવો, બાધક જીવો બધાનું જ્ઞાન થાય છે. સોળવલા સોનામાં ''નેશનલ લગડી''ની છાપ મારવામાં આવે છે. તે અર્હંતના સ્વરૂપને યથાર્થ રીતે જાણનારને ''ક્ષાયિક સમકિત''ની મહોર મારી છે જે ક્ષાયિક સમકિત કેવળજ્ઞાન પ્રગટાવે છે.

જે જીવ અર્હંતનું સ્વરૂપ દ્રવ્ય, ગુણ, પર્યાયથી જાણે છે તે પોતાના આત્માને જાણે છે અને પોતાના આત્માને જાણતાં બધા આત્માનું જ્ઞાન થાય છે. અન્વય તે દ્રવ્ય છે. અનુસરીને કાયમ રહે એવી વસ્તુને અન્વય કહે છે. 'આત્મા, આત્મા' એવો ને એવો

| શ્રી નેમિનાથ સ્તુતિ | ઇમ સિદ્ધક્ષેત્ર ધર તીર્થ ભયા,<br>અબ ભી ઋષિગણસે પૂજ્ય થયા; | શ્રી સ્વયંભૂ–સ્તોત્ર |
|---|---|---|

સદૃશ રહે છે માટે અન્વય તે દ્રવ્ય છે. અન્વયનું વિશેષ તે ગુણ છે. આત્માના વિશેષો એટલે જ્ઞાન, દર્શન વગેરે ગુણ છે. દ્રવ્ય તે સામાન્ય ને ગુણો તે વિશેષ છે. અન્વયના વ્યતિરેકો (ભેદો) તે પર્યાયો છે. વ્યતિરેક એટલે અવસ્થા, એક પછી એક થાય તે, જુદી જુદી જુદી અવસ્થાઓ થાય તે.

બધા પ્રકારે શુદ્ધ એવા અર્હંતના સ્વરૂપને ખ્યાલમાં લે છે. અહીં અર્હંત ભગવાનને યોગ તથા ક્રિયાવતી શક્તિ વગેરેની અશુદ્ધતા હોવા છતાં અનંત ચતુષ્ટય પ્રગટી ગયા છે તેથી સર્વતઃ વિશુદ્ધ કહેવામાં આવેલ છે. અર્હંતનું દ્રવ્ય એવું ને એવું રહે છે તે દ્રવ્ય, જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ અનંત શક્તિઓ રહેલી છે તે અર્હંતના ગુણો, ને કેવળજ્ઞાન, કેવળદર્શન વગેરે અર્થપર્યાયોને શરીર પ્રમાણ આત્માનો આકાર તે વ્યંજન પર્યાય એમ એક પછી એક પર્યાયો થયા જ કરે છે.—એવા અર્હંતના સ્વરૂપનો ખ્યાલ કરતાં પોતાના આત્માને મન વડે સમજી લે છે.

આ ચેતન છે તે સદાકાળ—'ચેતન ચેતન' એવો સદૃશ—રહેનારો કહો કે અન્વય કહો તે દ્રવ્ય છે. અન્વયને (ચેતનને) આશ્રિત રહેલ ચૈતન્ય (જ્ઞાન દર્શન એવાં) જે વિશેષણ તે ગુણો છે અને અન્વય વ્યતિરેકો એટલે ચૈતન્યના પર્યાયો—જે એક બીજામાં પ્રવર્તતા નથી અને જેની મર્યાદા એક સમયની છે એવા વ્યતિરેકોને પર્યાય કહેવામાં આવે છે. જે પર્યાયો આત્માના પરિણમનની ગાંઠ છે. આવું તો હજી મનદ્વારા વિકલ્પથી જાણે છે. આ હજી સમ્યગ્દર્શન નથી આને વ્યવહારશુદ્ધિ અથવા ચિત્તશુદ્ધિ કહે છે. અર્હંતના સ્વરૂપને જાણતાં નવ તત્ત્વનું જાણપણું થાય છે.

(૧) દ્રવ્ય, ગુણને અભેદ જાણતાં જીવતત્ત્વનું જ્ઞાન થાય છે. અર્હંતના પર્યાયને જાણતાં મોક્ષતત્ત્વનું જ્ઞાન થાય છે. અર્હંત તરફ પોતાને શુભ વિકલ્પ ઉઠે તે પુણ્ય છે—એમ પુણ્યતત્ત્વનું જ્ઞાન થાય છે. અર્હંત તરફ સર્વથા વિકલ્પ ન હોય અને સંસાર તરફ વિકલ્પ હોય તે પાપ છે—તે પાપતત્ત્વનું જ્ઞાન થાય છે. પુણ્ય-પાપ બંને આસ્રવ છે. વળી અર્હંતનું સ્વરૂપ પરિપૂર્ણ જેનામાં નથી તે આત્માની અપૂર્ણતાનો ખ્યાલ આવતા તે આત્મા ક્યાંક અટકેલ છે—એમ નક્કી થાય છે તેથી આસ્રવ, બંધ થાય છે તે પરના લક્ષે હોઈ શકે માટે પર—બીજાં જીવને અજીવ પદાર્થનું જ્ઞાન થાય છે. વળી સાધકજીવો પરિપૂર્ણ સ્વરૂપ પામવા પુરુષાર્થ કરે છે તેને સંવર-નિર્જરા થાય છે—તે ઉપરથી સંવર-નિર્જરાનું જ્ઞાન થાય છે. આવી રીતે નવ તત્ત્વનું જ્ઞાન થાય છે.

જો પ્રીતિ હૃદયધર આવત હૈં,
ગિરનાર પ્રણમ સુખ પાવત હૈં. ૧૨૮

વળી અર્હંતના સ્વરૂપને જાણતાં નય, નિક્ષેપ, પ્રમાણનું પણ જ્ઞાન થાય છે.

(૨) ત્રિકાળી દ્રવ્યને અભેદ ખ્યાલમાં લેનાર જ્ઞાનનો અંશ તે નિશ્ચયનય છે. પર્યાયને ખ્યાલમાં લેનાર જ્ઞાનનો અંશ તે વ્યવહારનય છે. આખો ત્રિકાળી આત્મા તથા વર્તમાન બંનેને એકીસાથે ખ્યાલમાં લેનાર શ્રુતજ્ઞાન તે પ્રમાણ છે. જ્ઞાન જે વિષયને ખ્યાલમાં લે છે તે નિક્ષેપ છે.

(૩) અર્હંતના સ્વરૂપને જાણતાં સાચા ત્યાગ, વૈરાગ્યનું જ્ઞાન થાય છે. શ્રીમદે કહ્યું છે કે ''ત્યાગ, વૈરાગ્ય ન ચિત્તમાં થાય ન તેને જ્ઞાન'' તેનો અર્થ એમ છે કે ચૈતન્ય સ્વભાવની રુચિ થતાં તીવ્ર આસક્તિભાવ તથા ચૈતન્યના વિરુદ્ધભાવનો ત્યાગ થાય છે. ચિત્ત પર પદાર્થો તરફથી છૂટી સ્વ સમજવાને તત્પર થયું તે જ ત્યાગ, વૈરાગ્ય છે, પર પદાર્થો તરફથી રુચિ શા માટે ખસે છે ને સ્વ તરફ શા માટે ઢળે છે એના કારણનું યથાર્થ જ્ઞાન કરતાં મિથ્યાત્વની મંદતા ને રાગદ્વેષની મંદતાના પરિણામ થાય છે તેને શ્રીમદ્ ત્યાગ, વૈરાગ્ય કહ્યો છે. ચિત્તમાં પહેલા ડામાડોળ હતો તે મટીને આત્માની તૈયારીવાળો જીવ થયો.

(૪) અર્હંતના સ્વરૂપને જાણવામાં ચારે લબ્ધિ આવી જાય છે.

● અર્હંતનું સ્વરૂપ સમજે તેટલો ઉઘાડ છે તેને ક્ષયોપશમલબ્ધિ કહે છે.

● તત્ત્વ સમજવા તૈયાર થયો એટલી કષાયમંદતા થઈ જેને વિશુદ્ધિલબ્ધિ કહે છે.

● અર્હંતે ઉપદેશેલા તત્ત્વનું ધારવું તેને દેશનાલબ્ધિ કહે છે.

● આવી યોગ્યતાવાળા જીવને દ્રવ્યકર્મો ઘણા ઘટીને મંદ પડે છે તેને પ્રાયોગ્યલબ્ધિ કહે છે.

આવી રીતે અર્હંતના સ્વરૂપને જાણતાં દ્રવ્ય-ગુણ-પર્યાયનું, નવ તત્ત્વનું, ત્યાગ, વૈરાગ્યનું જ્ઞાન થાય છે. ચારે લબ્ધિ હોય છે. આ ચિત્તશુદ્ધિ છે, પુણ્યનું કારણ છે. સમ્યગ્દર્શનરૂપી મહેલમાં આવવા માટેનું આંગણું છે.

હવે એ રીતે ત્રિકાળી આત્માને મનથી જાણી લેતો ચિત્તશુદ્ધિવાળો જીવ સમ્યગ્દર્શન કેવી રીતે પામે છે તેની વાત કરે છે.

મોતીના હારમાં હાર તે અન્વય (વિશેષ) એટલે દ્રવ્ય છે, સફેદાઈ વગેરે તે વિશેષણ-ગુણ છે. ને છૂટા છૂટા મોતી તે વ્યતિરેક-પર્યાયો છે. તે ત્રણેનું લક્ષ છોડાવી એકલા આખા હારનું લક્ષ કરાવી આત્મામાં દ્રષ્ટાંત ઉતારે છે. અહીં ઝૂલતો હાર દ્રષ્ટાંતમાં લઈ આત્મા પરિણમનશીલ છે પણ કૂટસ્થ નથી—એમ બતાવવું છે.

જિનનાથ! જગત્ સબ તુમ જાના,
યુગપત્ જિમ કરતલ અમલાના;

જેમ છૂટા-છૂટા મોતીને ઝૂલતા હારમાં સંક્ષેપવામાં આવે છે તેમ ચેતન પર્યાયોને ચેતનમાં જ અંતર્ગત કરવાં એટલે જે પર્યાયો દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરે પરપદાર્થો તરફ જતાં તેમને ચેતન તરફ વાળીને અભેદ કરવાં, તથા ''વિશેષ્ય તે ચેતનદ્રવ્ય અને વિશેષણ તે ચૈતન્ય વગેરે ગુણો—એવી ગુણગુણી ભેદની કલ્પના અદૃશ્ય કરવી. જેમ હારની ધોળાશ ને હારમાં અંતર્ગર્ભિત કરવામાં આવે છે તેવી રીતે જ્ઞાન, દર્શન વગેરે ગુણોને ચેતનદ્રવ્યમાં અંતર્ગર્ભિત કરવા ને કેવળ આત્માને જાણવો.

અહીં પર્યાયને અને ગુણને દ્રવ્યમાં અંતર્ગર્ભિત કરવાનું કહેવામાં આવ્યું છે તો પર્યાયો કે ગુણો દ્રવ્યથી બહાર નથી. દ્રવ્યમાં જ છે, પણ વિકલ્પ દ્વારા ગુણગુણીભેદ પડતો અને રાગ ઉઠતો પણ દ્રવ્યને આશ્રયે એવો ભેદ ઉઠતો નથી, ને ગુણ-પર્યાય દ્રવ્ય સાથે અભેદ થાય છે તેને દ્રવ્ય સાથે અંતર્હિત કર્યા—એમ કહેવામાં આવે છે.

જેમ હાર પહેરતી વખતે કેવળ હારને જ જાણવામાં આવે છે તેમ કેવળ આત્માને જાણતાં સમયે સમયે કર્તા-કર્મ-ક્રિયાનો વિભાગ ક્ષય પામતો જાય છે. આત્માના લક્ષે શુદ્ધતા પ્રગટ થશે માટે આત્મા શુદ્ધતાનો કર્તા છે. શુદ્ધતાનું પ્રગટ થવું તે આત્માનું કર્મ છે, ને શુદ્ધતાની અવસ્થા પછી બીજી શુદ્ધતાની અવસ્થાનું થવું તે આત્માની ક્રિયા—આવા કર્તા-કર્મ-ક્રિયાના ભેદ વિકલ્પ છે ત્યાં સુધી રહે છે. આત્મા તરફ વળતા અસંખ્ય સમયો થઈ જાય છે ત્યાં સુધી આવા સૂક્ષ્મ ભેદના વિચારો રહે છે. અહીં સુધી હજી વિકલ્પાત્મકદશા છે, પણ દ્રવ્ય તરફ પુરુષાર્થ ઢળતાં કર્તા-કર્મ-ક્રિયાના ભેદો ટળી જાય છે ને નિષ્ક્રિય જ્ઞાન પ્રમાણ વસ્તુ અનુભવાય છે. અહીં નિષ્ક્રિય કહ્યું છે તેનો અર્થ એ છે કે એ ક્રિયામાં રાગ નથી પણ પોતાની જ્ઞાનક્રિયા તો છે જ.

પ્રશ્ન : ધ્યાન વખતે શરીરની સ્થિતિ કેવી હોય ?

ઉત્તર : આત્માના ધ્યાનને શરીરની ક્રિયા સાથે સંબંધ નથી.

પ્રશ્ન : તો પછી હાલતાં-ચાલતાં ધ્યાન થઈ શકે ?

ઉત્તર : હાલતી-ચાલતી વખતે મનનું અવલંબન છે તેથી ધ્યાન તે વખતનો વિષય નથી. તથા શાસ્ત્રના લક્ષે પણ ધ્યાન થાય નહીં.

પ્રશ્ન : ત્યારે શરીર બેસતાં થઈ શકે ?

ઉત્તર : આત્મા આત્મામાં બેસે ત્યારે ધ્યાન થઈ શકે છે અને શરીરની સ્થિતિ ત્યારે હાલવા-ચાલવારૂપ ન હોય. (ક્રમશઃ) ❊

ઇંદ્રિય વા મન નહિં ઘાત કરેં,
ન સહાય કરૈં, ઇમ જ્ઞાન ધરેં. ૧૨૯

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૪૪, ગાથા - ૩૯)

## જડેશ્વર, વિભાવેશ્વર અને પરમેશ્વર

આ શ્રી ઈષ્ટોપદેશ શાસ્ત્ર છે. ૩૯મી ગાથાનો ભાવાર્થ ચાલે છે. તેમાં મુનિરાજ કહે છે કે ધર્મી જીવ એવા હોય છે કે તે સમસ્ત સંસારને ઈન્દ્રજાળ સમાન જાણે છે. પોતાના આત્મા સિવાય બધામાં તેને ઉપેક્ષાબુદ્ધિ થઈ જાય છે.

ધર્મીને સર્વ પદાર્થોથી ઉપેક્ષાબુદ્ધિ થઈ ગઈ છે, કેમ કે તે જાણે છે કે શરીર, મન, વાણી, આબરૂ, સ્ત્રી, મકાન, ગામ, નગર આદિ બધામાં જે કાંઈ ફેરફાર થાય છે તે તેનાથી થાય છે. તેમાં મારો કોઈ અધિકાર નથી. અજ્ઞાની તેનો અધિકારી પોતાને માને છે તે તેનું અજ્ઞાન છે. કારણ કે જડનો અધિકારી જડ છે, ચેતન નહીં.

જેમ ઈન્દ્રજાળ એ કોઈ વસ્તુ નથી તેમ પોતાને માટે બાહ્ય વસ્તુ અવસ્તુ જ છે. તો તેમાં ગ્રહણ-ત્યાગ, લેવું-મૂકવું-દેવું-લેવું એ અભિપ્રાય મિથ્યા છે. ઈન્દ્રજાળ એટલે કાંઈ હોય નહિ ને ખોટું ઊભું કરી દેવું તે ઈન્દ્રજાળ કહેવાય. તેમ પરપદાર્થમાં ફેરફાર કરવો તે વસ્તુના સ્વરૂપમાં છે જ નહિ, છતાં અજ્ઞાની પોતાની મિથ્યાબુદ્ધિથી એમ માને છે કે પરનું ગ્રહણ-ત્યાગ કરું છું, પરની હિંસા કરું છું, પરની દયા પાળું છું એમ મિથ્યા અભિમાન ઊભું કરે છે.

જ્ઞાનીને પરમાં કર્તાપણાની આવી મિથ્યાબુદ્ધિ નહીં હોવાથી પરથી ઉપેક્ષાબુદ્ધિ કરીને જ્ઞાની તો પોતાના ચિદાનંદસ્વરૂપ આત્માની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરે છે. કેમ કે અંતરની ચીજ પોતાના પુરુષાર્થથી પ્રાપ્ત થાય છે. બહારની ચીજ પુરુષાર્થથી પ્રાપ્ત થતી નથી. પરથી મને કાંઈ લાભ-નુકશાન નથી અને મારાથી પરને કાંઈ લાભ-નુકશાન નથી એવો નિર્ણય થઈ ગયો હોવાથી જ્ઞાનીને પરપદાર્થ પ્રત્યે ઉપેક્ષાબુદ્ધિ વર્તે છે. છતાં અસ્થિરતાના દોષને કારણે પૂર્વના સંસ્કારવશ મન-વચન-કાયાથી કાંઈ પ્રવૃત્તિ કરી બેસે છે તો ત્યાંથી પાછો વળીને ફરી પશ્ચાત્તાપ કરે છે કે અરે ! આ મેં આત્માનું અહિત કેમ કર્યું ?

જેને સ્વાત્મ-સંવેદન કરવામાં આનંદ આવ્યા કરે છે એવા ધર્મી જીવ ચરાચર

યાતેં હે જિન ! બુધનુત તવ ગુણ,
અદ્‌ભુત પ્રભાવધર ન્યાય સગુણ;

પદાર્થમાં સ્થાવર-જંગમરૂપ સમસ્ત બાહ્ય પદાર્થોમાં ફેરફાર કરવો તે મારી બુદ્ધિનો કે મારા પ્રયત્નનો વિષય જ નથી એમ જાણી તેનાથી ઉપેક્ષાબુદ્ધિ કરે છે.

બંધ અધિકારમાં આ વાત આવે છે કે કોઈને મારવા-જીવાડવા કે સુખી-દુઃખી કરવા તે જીવની બુદ્ધિનો કે પ્રયત્નનો વિષય જ નથી. કેમકે જીવના પ્રયત્નથી તે કાર્ય થતું નથી. દરેક વસ્તુ પોતાના કારણે પોતે પરિણમી રહી છે તેમાં ફેરફાર કરવો તે જીવના અધિકારની વાત નથી. તો પછી જે પોતાની સ્વરૂપપ્રાપ્તિના ઉદ્યમમાં તત્પર છે તેવા ધર્મી પરપદાર્થમાં ફેરફાર કરવાની બુદ્ધિ શું કામ કરે ? ન જ કરે. જે જાણે છે કે ઈન્દ્રજાળમાં સર્પ કે હાર કાંઈ છે જ નહિ તો હાર ગ્રહણ કરવાની અને સર્પ છોડવાની બુદ્ધિ તે શા માટે કરે ? ન જ કરે.

જુઓ ! આ કપડાં પહેરવાં, ટોપી કાઢવી-મૂકવી, ખાવું-પીવું, કમાવું એ કોઈ જીવના અધિકારની વાત નથી. પુસ્તકો છપાવું તો જગતમાં ધર્મ ફેલાય એ જીવની બુદ્ધિનો વિષય નથી. મૂઢ અજ્ઞાનથી એવી બુદ્ધિ કરે છે. જો જીવ પરમાં ફેરફાર કરે તો જીવ પોતાની અને પરની એમ બે ક્રિયાનો કર્તા થઈ જાય, પણ એમ તો કદી બને નહીં. જે સ્વરૂપના શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્રમાં પરાયણ છે એવા યોગી પરથી તદ્દન ઉદાસ છે કે જે થવાનું હોય તે થાઓ. હું તેને કરતો નથી. જવાનું હોય તે જાવ, હું તેને રોકી શકતો નથી.

કોઈને પ્રશ્ન થાય કે ગૃહસ્થાશ્રમમાં આવું કેમ થઈ શકે ? તો અહીં કહે છે કે ગૃહસ્થાશ્રમમાં પણ સમ્યગ્દૃષ્ટિ આવું માને છે. વસ્તુની સ્થિતિ જ એવી છે. પોતાના આત્મા સિવાય પર આત્મા કે એકપણ રજકણની પર્યાય આત્માના શ્રદ્ધા, જ્ઞાન, વીર્ય કે રાગથી થઈ શકતી નથી. સ્વભાવપર્યાયથી પણ પરનું કાર્ય થતું નથી અને વિભાવ-પર્યાયથી પણ પરનું કાર્ય થતું નથી. એવા શ્રદ્ધા-જ્ઞાન ધર્મીને બરાબર વર્તે છે તેથી તેને બધા પરપદાર્થથી ઉપેક્ષાબુદ્ધિ હોય છે.

એક આંખની પાંપણ ફેરવવી તે પણ જીવની બુદ્ધિનું કે શ્રદ્ધાનું કે જ્ઞાનનું કે પુરુષાર્થનું કાર્ય નથી, તે કાર્ય સ્વતંત્ર તે જડથી થાય છે. કોઈ પંડિત એવી દલીલ કરે છે કે શાસ્ત્રમાં એવા હજારો દાખલા આવે છે કે એક જીવે બીજા જીવની દયા પાળી. તો તેને કહીએ કે ભાઈ ! એવા દાખલા તો ઘણા મળે પણ તેની અપેક્ષા સમજવી જોઈએ

ચિંતન કર મન હમ લીન ભએ,
તુમરે પ્રણમન તલ્લીન ભએ. ૧૩૦

ને ! આ જીવના રાગના કાળે સામો જીવ બચી ગયો હોય તો એમ કહેવાય કે આણે આને બચાવ્યો પણ ખરેખર બીજા જીવની પર્યાયમાં બીજો જીવ શું ફેરફાર કરી શકે ? બીજાની દયા પાળવાના ભાવમાં તો પોતાની હિંસા થાય છે. હું પરનું કરી શકું છું એવી મિથ્યાબુદ્ધિથી જીવની પોતાની હિંસા થાય છે. પોતાની દયા તેમાં રહેતી નથી.

ત્યાગીઓ પણ મિથ્યાભ્રમમાં પડ્યા છે કે અમે આટલી વસ્તુઓ ત્યાગી છે. અરે ! વસ્તુ ક્યાં તમારી હતી તે તમે ત્યાગી છે ! ખરેખર તો તમે તમારા જ્ઞાતા-દ્રષ્ટા ધર્મને ત્યાગી દીધો અને મિથ્યાબુદ્ધિને ધારી રાખી છે.

પૂજ્યપાદસ્વામી કહે છે કે આ ઈષ્ટ ઉપદેશ છે. જીવ પરદ્રવ્યની રક્ષા કરી શકે છે કે મારી શકે છે એ ભગવાનનો ઉપદેશ નથી. એ તો જીવને અહિતકારી મિથ્યા ઉપદેશ આત્માના શ્રદ્ધાગુણનો ખૂન કરનારો ઉપદેશ છે.

શ્રોતા : તો પછી અમારે શરીરનું કાંઈ કરવું કે નહીં ?

પૂજ્ય ગુરુદેવશ્રી : પરનું કાંઈ કરવું એ જીવનો વિષય જ નથી, પછી કરવા ન કરવાની વાત જ ક્યાં રહી ? મંદજ્ઞાન હો કે કેવળજ્ઞાન હો, મિથ્યાશ્રદ્ધા હો કે ક્ષાયિક સમ્યક્ત્વ હો એ કોઈનો આ વિષય જ નથી, પછી કરવાની વાત ક્યાં રહી ! કરી શકતો જ નથી.

જે પદાર્થ છે તે જ તેના વિશેષ કાર્ય-વ્યવસ્થિત કાર્યનો કર્તા છે. બીજો કોઈ તેના વિશેષ કાર્યને-વ્યવસ્થિત કાર્યને કરી શકતો નથી. કોણ કોનો ઉપકાર કરે ? કોણ કોનો અપકાર કરે ? કોણ કોની નિંદા કરે અને કોણ કોની પ્રશંસા કરે ? કોઈ કોઈનું કાંઈ કરી શકતું નથી. છતાં એવાં કથનો આવે છે તે બધા નિમિત્તનાં કથનો છે.

ભગવાન ત્રણ લોકના નાથ કહે છે કે જગતમાં અનંત જીવ અને અનંત પુદ્‌ગલ છે. તો જો એક જીવ કે પુદ્‌ગલ બીજા જીવ-પુદ્‌ગલનું ગ્રહણ-ત્યાગ કરે તો તેનું અસ્તિત્વ જ ક્યાંથી રહી શકે ? દરેકનું સ્વતંત્ર અસ્તિત્વ છે તેમાં બીજાનો હસ્તક્ષેપ બિલકુલ નથી.

તેરાપંથી કહે છે કે છકાયજીવને ન મારવાનો ભગવાને ઉપદેશ આપ્યો છે અને સ્થાનકવાસી કહે છે કે છકાયજીવની રક્ષા કરવાનો ઉપદેશ ભગવાને આપ્યો છે ત્યારે અહીં કહે છે કે ભગવાને તો એવો ઉપદેશ આપ્યો છે કે જગતમાં અનંત દ્રવ્યો છે તેનું

**શ્રી પાર્શ્વનાથ સ્તુતિ**

જય પાર્શ્વનાથ અતિ ધીર વીર,
નીલે વાદલ વિજલી ગંભીર;

જ્ઞાન કરવું તે તારો વિષય છે. છકાયજીવની રક્ષા કરવી કે મારવા એ તારો વિષય જ નથી. તારો વિષય તો અનંતજ્ઞાન છે, તું તારા સ્વભાવમાં લીન થઈને સ્વભાવ પ્રગટ કરવાનો પુરુષાર્થ કર ! એમ ભગવાને કહ્યું છે. બીજાને દુઃખ ન દેવું, મારવા નહિ, રક્ષા કરવી એવો વ્યવહારનો ઉપદેશ છે પણ તેનો અર્થ એવો છે કે પરને દુઃખ દેવાના ભાવ ન કરવા, બાકી જીવ પરને દુઃખ દઈ શકે છે એ વાત નથી.

અહાહા... ! અર્ધલોકના સ્વામી અને ત્રણ જ્ઞાનના ધારી એવા શક્રેન્દ્ર, ઈશાનેન્દ્ર આદિ સો ઈન્દ્રોની ઉપસ્થિતિમાં સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકીનાથ તીર્થંકરની છૂટેલી દિવ્યધ્વનિમાં આ વાત આવી કે તું તારા સ્વભાવમાં પરાયણ થા ! પરનું કાર્ય કરવું તે તારો વિષય નથી. માટે તેની ઉપેક્ષા કરીને તું તારા સ્વભાવની અપેક્ષા કર ! ભગવાનની આ વાણી જ સંત અને મુનિઓ શાસ્ત્ર દ્વારા કહી રહ્યા છે. એક એક ગાથામાં માલ ભર્યો છે.

આ આત્માની અપેક્ષાએ બધા પરદ્રવ્ય અવસ્તુ છે, અક્ષેત્ર છે, અકાળ છે અને અભાવ છે, આ અપેક્ષાએ અહીં આખા જગતને ઈન્દ્રજાળ સમાન કહ્યું છે. જ્ઞાની-યોગી પરપદાર્થથી ઉપેક્ષા અને સ્વભાવની અપેક્ષા કરે છે છતાં અસ્થિરતાવશ કોઈ પરદ્રવ્ય પ્રત્યે રાગ આવી જાય છે તો તે રાગથી હટીને પશ્ચાત્તાપ કરે છે કે અરે ! મને લાભરૂપ તો એક મારો આત્મસ્વભાવ છે તેને છોડીને હું આ વિકલ્પમાં ક્યાં આવ્યો ? મારા સિવાય આખું જગત ઈન્દ્રજાળ છે તેમાં હું કોને રાખું, કોને છોડું, કોને કરું ને કોનો નાશ કરું ? આ બધા વિકલ્પ મને દુઃખરૂપ છે એમ કરીને જ્ઞાની પશ્ચાત્તાપ કરે છે.

ભગવાને આ જીવની પ્રભુતા એવી જોઈ છે કે તેની પ્રભુતાથી પરમાં કાંઈ ફેરફાર થતો નથી અને પરદ્રવ્ય તેની પ્રભુતા છોડતા નથી. પરમાણુ પણ ઈશ્વર છે– જડેશ્વર છે તેથી તે પોતાની શક્તિથી કામ કરે છે તેમાં તેને અન્યદ્રવ્યની અપેક્ષા નથી.

એક જડેશ્વર છે. એક વિભાવ-ઈશ્વર છે અને એક સ્વભાવ-ઈશ્વર છે. પરમાણુ સ્વતંત્રપણે પોતાનું કાર્ય કરે છે માટે તે જડેશ્વર છે. મિથ્યાદૃષ્ટિ સ્વતંત્રપણે વિભાવનો સ્વામી થાય છે. તેને કર્મ વિકાર કરાવતાં નથી. પોતે સ્વતંત્રપણે અજ્ઞાનથી વિકાર કરે, માટે મિથ્યાદૃષ્ટિ વિભાવેશ્વર છે અને હું વિભાવ અને પરથી ભિન્ન જ્ઞાનાનંદસ્વભાવી છું એવું જાણતા જ્ઞાની સહજાત્મસ્વરૂપના સ્વામી સ્વભાવ–ઈશ્વર છે. પરદ્રવ્યનો અને પુણ્ય-પાપનો સ્વામી થાય છે તે મૂઢ મિથ્યાદૃષ્ટિ વિભાવ–ઈશ્વર છે. તે વિભાવ પણ પોતે છોડે તો છૂટે. સાક્ષાત્ તીર્થંકર પણ તેને વિભાવથી છોડાવી ન શકે. (ક્રમશઃ) ❊



# અધ્યાત્મ સંદેશ

(રહસ્યપૂર્ણ ચિઠ્ઠી ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

## ચોથા ગુણસ્થાનથી જ નિર્વિકલ્પ અનુભવ; ગુણસ્થાનઅનુસાર પરિણામની વિશેષ મગ્નતા; સ્વાનુભવની તૈયારીવાળા જીવની દશા.

''પ્રશ્ન :—એવો અનુભવ કયા ગુણસ્થાનમાં કહ્યો છે?

સમાધાન :—ચોથા ગુણસ્થાનથી જ થાય છે. પરંતુ ચોથા ગુણસ્થાને તો ઘણા કાળના અંતરાળે થાય છે, અને ઉપરના ગુણસ્થાને શીઘ્ર શીઘ્ર થાય છે.

પ્રશ્ન :—અનુભવ તો નિર્વિકલ્પ છે, તો તેમાં ઉપરના અને નીચેના ગુણસ્થાનોનો ભેદ શો?

ઉત્તર :—પરિણામોની મગ્નતામાં વિશેષતા છે; જેમ બે પુરુષ નાવ (અથવા નામ) લે છે, અને બંનેના પરિણામ નાવ (નામ) વિષે છે; ત્યાં એકને તો મગ્નતા વિશેષ છે તથા બીજાને થોડી છે, તેમ (અહીં સ્વાનુભવમાં પણ) જાણવું.''

ચોથા ગુણસ્થાનની શરૂઆત જ આવા નિર્વિકલ્પ સ્વાનુભૂતિપૂર્વક થાય છે, સમ્યગ્દર્શન કહો, ચોથું ગુણસ્થાન કહો કે ધર્મની શરૂઆત કહો તે આવા સ્વાનુભવ વગર થતી નથી. સ્વાનુભવને પ્રત્યક્ષ કહ્યો, તેમાં અતીન્દ્રિય વચનાતીત આનંદ કહ્યો, તેમાં કોઈ વિકલ્પ નથી એમ કહ્યું, તેથી કોઈને પ્રશ્ન ઊઠે કે આવો ઊંચો–અતીન્દ્રિય, પ્રત્યક્ષ સ્વાનુભવ કોને થતો હશે?—તો કહે છે કે આવો અનુભવ ચોથા ગુણસ્થાનથી જ થાય છે. આવી નિર્વિકલ્પ આનંદદશા ગૃહસ્થપણામાં રહેલા સમ્યગ્દષ્ટિને પણ મતિ–શ્રુતજ્ઞાન વડે થાય છે. ચોથા ગુણસ્થાને વિશેષ–વિશેષકાળના અંતરે કોઈ કોઈ વાર આવો અનુભવ થાય છે. પહેલી વાર જ્યારે ચોથું ગુણસ્થાન પ્રગટ્યું ત્યારે તો નિર્વિકલ્પ અનુભવ થયો જ હતો, પણ પછી ફરીને એવો અનુભવ અમુક વિશેષકાળના અંતરે થાય છે; ને પછી ઉપર–ઉપરના ગુણસ્થાને તેવો અનુભવ વારંવાર થાય છે. પાંચમા ગુણસ્થાને ચોથા કરતાં અલ્પ અલ્પકાળને અંતરે અનુભવ થાય છે; (ચોથા ગુણસ્થાનવાળા કોઈ જીવને કોઈવાર તુરત જ એવો અનુભવ થાય તે જુદી વાત છે.)

**અતિ ઉગ્ર વજ્ર જલ પવન પાત,**
**વૈરી ઉપદ્રુત નહિં ધ્યાન જાત. ૧૩૧**

અને છઠ્ઠા સાતમા ગુણસ્થાનવર્તી મુનિને તો વારંવાર અંતર્મુહૂર્તમાં જ નિયમથી વિકલ્પ તૂટીને સ્વાનુભવ થયા કરે છે. સમ્યગ્દ્રષ્ટિને ચોથા ગુણસ્થાને વધુમાં વધુ કેટલા અંતરે સ્વાનુભવ થાય—એ સંબંધી કોઈ ચોક્કસ માપ જાણવામાં આવતું નથી. છઠ્ઠા સાતમા ગુણસ્થાનવર્તી મુનિને માટે તો નિયમ છે કે અંતર્મુહૂર્તમાં નિર્વિકલ્પ ઉપયોગ થાય જ; નહિતર મુનિદશા જ ન ટકે. મુનિદશામાં કદી એમ ન બને કે લાંબાકાળ સુધી નિર્વિકલ્પઅનુભવ ન આવે ને બાહ્યપ્રવૃત્તિમાં (સવિકલ્પદશામાં) જ રહ્યા કરે. ત્યાં તો અંતર્મુહૂર્તમાં નિયમથી નિર્વિકલ્પધ્યાન થાય જ છે. મુનિદશામાં કોઈ જીવ ભલે લાખો–કરોડો વર્ષો રહે અને તે દરમિયાન છઠ્ઠું–સાતમું ગુણસ્થાન વારંવાર અંતર્મુહૂર્તમાં આવ્યા કરે, એ રીતે સમુચ્ચયપણે તેને છઠ્ઠાગુણસ્થાનનો કાળ ભલે લાખો–કરોડો વર્ષો થઈ જાય, પણ એકસાથે અંતર્મુહૂર્તથી વિશેષકાળ છઠ્ઠું ગુણસ્થાન થઈ શકે જ નહીં. છઠ્ઠા ગુણસ્થાનનો કાળ જ અંતર્મુહૂર્તથી વધુ નથી પછી લાંબો વખત ઊંઘવાની તો વાત જ શી? ભગવાને છઠ્ઠા ગુણસ્થાનનો જે ઉત્કૃષ્ટ કાળ કહ્યો છે તે ઉત્કૃષ્ટ કાળ પણ એવા જીવને જ હોય છે કે જે ત્યાંથી પાછો મિથ્યાત્વમાં જવાનો હોય. બીજા જીવોને એવો ઉત્કૃષ્ટકાળ હોતો નથી, તેને તો તેથી ઓછા કાળમાં વિકલ્પ તૂટીને સાતમું ગુણસ્થાન આવી જાય છે. મુનિઓ વારંવાર નિર્વિકલ્પરસ પીએ છે.

અહો, નિર્વિકલ્પતા તે તો અમૃત છે.

બધા મુનિઓને સવિકલ્પ વખતે છઠ્ઠું ને ક્ષણમાં નિર્વિકલ્પધ્યાન થતાં સાતમું ગુણસ્થાન થાય છે. જેમ સમ્યગ્દર્શન નિર્વિકલ્પ–સ્વાનુભવપૂર્વક પ્રગટે છે તેમ મુનિદશા પણ નિર્વિકલ્પધ્યાનમાં જ પ્રગટે છે,—પહેલાં ધ્યાનમાં સાતમું ગુણસ્થાન પ્રગટે ને પછી વિકલ્પ ઊઠતાં છઠ્ઠે આવે. મુનિને તો વારંવાર નિર્વિકલ્પધ્યાન થાય છે. એ તો કેવળજ્ઞાનના એકદમ નજીકના પાડોશી છે. અહા, વારંવાર શુદ્ધોપયોગના આનંદમાં ઝૂલતા એ મુનિની અંતરદશાની શી વાત! અરે, સમ્યગ્દષ્ટિ–શ્રાવકને પણ ધ્યાન વખતે તો મુનિ જેવો ગણ્યો છે. હું શ્રાવક છું કે મુનિ છું—એવો કોઈ વિકલ્પ જ એને નથી, એને તો ધ્યાન વખતે આનંદના વેદનમાં જ લીનતા છે. ચોથા ગુણસ્થાને આવો અનુભવ કોઈકવાર થાય છે, પછી જેમ જેમ ભૂમિકા વધતી જાય છે તેમ તેમ કાળઅપેક્ષાએ વારંવાર થાય છે ને ભાવઅપેક્ષાએ લીનતા વધતી જાય છે.

ચોથા ગુણસ્થાને સ્વાનુભવ લાંબાકાળના અંતરે થવાનું કહ્યું અને ઉપરના

**ધરણેન્દ્ર નાગ નિજ ફણ પ્રસાર,**
**બિજલીવત્ પીત સુરંગ ધાર;**

ગુણસ્થાને તો શીઘ્ર શીઘ્ર થવાનું કહ્યું; આ રીતે ગુણસ્થાન—અનુસાર માત્ર કાળના અંતરની જ અનુભવમાં વિશેષતા છે કે બીજી કોઈ વિશેષતા છે? તો કહે છે કે પરિણામોની લીનતામાં પણ વિશેષતા છે. સ્વાનુભવની જાત તો બધા ગુણસ્થાનોમાં એક છે, ચૈતન્યસ્વભાવમાં જ બધાયનો ઉપયોગ લાગેલો છે પણ તેમાં પરિણામની મગ્નતા ગુણસ્થાનઅનુસાર વધતી જાય છે. સાતમા ગુણસ્થાને સ્વાનુભવમાં જેવી લીનતા છે તેવી તીવ્ર લીનતા ચોથા ગુણસ્થાને નથી; એ રીતે નિર્વિકલ્પતા બંનેને હોવા છતાં પરિણામની મગ્નતામાં વિશેષતા છે. જેમ કોઈ બે પુરુષો સમાન ક્રિયા કરતા હોય,—ભગવાનનું નામ લેતા હોય, સ્નાન કરતા હોય કે ભોજનાદિ કરતા હોય—બંનેના પરિણામ તેમાં લાગેલા હોય છતાં પરિણામની એકાગ્રતામાં બંનેને ફેર હોય છે; કોઈના પરિણામ તેમાં મંદપણે લાગેલા હોય ને કોઈના તીવ્રપણે લાગેલા હોય; ત્યાં બંનેનો ઉપયોગ તો એક જ કાર્યમાં લાગેલો છે પણ એકના પરિણામ તે કાર્યમાં મંદપણે વર્તે છે ને બીજાના પરિણામ તેમાં તીવ્રપણે વર્તે છે, તેમ ચોથા ગુણસ્થાને નિર્વિકલ્પતા હોય ને સાતમા ગુણસ્થાને નિર્વિકલ્પતા હોય—ત્યાં તે બંનેનો ઉપયોગ તો આત્માને વિષે અનુભવમાં જ લાગેલો છે, પરંતુ ચોથા કરતાં સાતમા ગુણસ્થાને સ્વરૂપમાં પરિણામની મગ્નતા ઘણી છે; અંદર અબુદ્ધિપૂર્વક રાગ ઘણો મંદ છે. ચોથા ગુણસ્થાને સ્વાનુભવ વખતે પણ અંદર અબુદ્ધિપૂર્વક (ભલે મંદ) ત્રણ કષાયચોકડી વિદ્યમાન છે, અને સાતમા ગુણસ્થાને માત્ર એક સંજ્વલન કષાયચોકડી જ બાકી છે. સ્વાનુભવમાં પરિણામોની લીનતા જેમ જેમ વધતી જાય છે તેમ તેમ કષાયોનો અભાવ થતો જાય છે.

આ પ્રકારે સ્વાનુભવની ગુણસ્થાનઅનુસાર વિશેષતા જાણવી. જેમ જેમ ગુણસ્થાન વધતું જાય તેમ તેમ કષાયો ઘટતા જાય ને સ્વરૂપમાં લીનતા વધતી જાય. ધર્મીને ગુણસ્થાનઅનુસાર જેટલી શુદ્ધિ થઈ ને જેટલી વીતરાગતા થઈ તેટલી શુદ્ધિ ને વીતરાગતા તો પર તરફના ઉપયોગ વખતે પણ ટકી રહે છે ને તેટલું તો બંધન તેને થતું જ નથી. ચોથા ગુણસ્થાને નિર્વિકલ્પ ધ્યાનમાં હોય તો પણ ત્યાં અનંતાનુબંધી સિવાયના ત્રણે કષાયનું અસ્તિત્વ છે, ને છઠ્ઠા ગુણસ્થાને શુભવિકલ્પમાં વર્તતા હોય તો પણ ત્યાં અપ્રત્યાખ્યાનાવરણ કે પ્રત્યાખ્યાનાવરણ કષાય નથી, માત્ર સંજ્વલન કષાય છે, એટલે સ્વાનુભૂતિમાં ન હોય તેથી એને બીજા કરતાં વધુ કષાયો હોય—એમ નથી. પણ, એટલું ખરૂં કે એક જ ભૂમિકાવાળો જીવ તે સવિકલ્પદશામાં હોય તેના કરતાં નિર્વિકલ્પદશા

શ્રી પાર્શ્વ ઉપદ્રુત છાય લીન,
જિમ નગ તડિદમ્બુદ સાંઝ કીન. ૧૩૨

વખતે તેને કષાયો ઘણા જ મંદ થઈ જાય છે. ચોથા ગુણસ્થાને સ્ત્રીપુત્રાદિવાળા શ્રાવકને, અરે! આઠ વર્ષની બાલિકાને કે તિર્યંચને પણ એ નિર્વિકલ્પ દશા વખતે બુદ્ધિપૂર્વકના બધા રાગદ્વેષ છૂટી ગયા હોય છે, માત્ર ચૈતન્યગોળો–આનંદના સાગરથી ઉલ્લસતો– દેહથી ભિન્ન અનુભવાય છે. એટલે આવા ધ્યાન વખતે તો શ્રાવકને પણ મુનિસમાન ગણ્યો છે. એ ધ્યાનમાં જ્ઞાનાદિની નિર્મળતા પણ વધતી જાય છે, પરિણામની સ્થિરતા પણ વધતી જાય છે.

જ્ઞાની સંસારમાં ગૃહસ્થપણામાં રહ્યા હોય, રાગ–દ્વેષ–ક્રોધાદિ ક્લેશપરિણામ અમુક થતા હોય, પણ એને એની લાળ લંબાતી નથી; સંસારના ગમે તેવા ક્લેશપ્રસંગો કે પ્રતિકૂળતાના પ્રસંગો આવે, પણ જ્યાં ચૈતન્યના ધ્યાનની સ્ફૂરણા થઈ ત્યાં તે બધાય ક્લેશ ક્યાંય ભાગી જાય છે; ગમે તેવા પ્રસંગમાંય એના શ્રદ્ધા–જ્ઞાન ઘેરાઈ જતા નથી, જ્યાં ચિદાનંદ–હંસલાનું સ્મરણ કર્યું ત્યાં જ દુનિયાના બધા ક્લેશો દૂર ભાગી જાય છે, તો એ ચૈતન્યના અનુભવમાં તો ક્લેશ કેવો? એમાં તો એકલો આનંદ છે...એકલી આનંદની જ ધારા વહે છે. માટે કહે છે કે અરે જીવો! આ ચૈતન્યસ્વરૂપના ચિંતનમાં ક્લેશ તો જરા પણ નથી ને તેનું ફળ મહાન છે, મહાન સુખની તેના ચિંતનમાં પ્રાપ્તિ થાય છે, તો એને કેમ ધ્યાનમાં ચિંતવતા નથી? ને કેમ બહાર જ ઉપયોગને ભમાવો છો? જ્ઞાનીને બીજું બધું ભલે દેખાય પણ અંદર ચૈતન્યની જડીબૂટ્ટી હાથમાં રાખી છે, સંસારના ઝેરને ઉતારી નાખનારી આ જડીબૂટ્ટી છે; એ જડીબૂટ્ટી સૂંઘતાં સંસારના એના થાક ક્ષણભરમાં ઊતરી જાય છે.

જીવે શુદ્ધાત્માના ચિંતનનો અભ્યાસ કરવો જોઈએ. જેને ચૈતન્યના સ્વાનુભવનો રંગ લાગે એને સંસારનો રંગ ઊતરી જાય. ભાઈ, તું અશુભ ને શુભ બંનેથી દૂર થા ત્યારે શુદ્ધાત્માનું ચિંતન થશે. જેને હજી પાપના તીવ્ર કષાયોથી પણ નિવૃત્તિ નથી, દેવ–ગુરુની ભક્તિ, બહુમાન, સાધર્મીઓનો પ્રેમ વગેરે અત્યંત મંદ કષાયની ભૂમિકામાં પણ જે નથી આવ્યો, તે અકષાય ચૈતન્યનું નિર્વિકલ્પ ધ્યાન ક્યાંથી કરશે? પહેલાં બધાય કષાયનો (શુભ–અશુભનો) રંગ અંદરથી ઊડી જાય...જ્યાં એનો રંગ ઊડી જાય ત્યાં એની અત્યંત મંદતા તો સહેજે થઈ જ જાય, ને પછી ચૈતન્યનો રંગ ચડતાં તેની અનુભૂતિ પ્રગટે. બાકી પરિણામને એકદમ શાન્ત કર્યા વગર એમને એમ અનુભવ કરવા માંગે તો થાય નહીં. અહા, અનુભવી જીવની અંદરની દશા કોઈ ઓર હોય છે!

(હવે, સ્વાનુભવને નિર્વિકલ્પ કહ્યો તે સંબંધી પ્રશ્ન–ઉત્તર વડે સ્પષ્ટતા કરે છે :)

(ક્રમશઃ) ❋



# મુક્તિનો માર્ગ

(સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં સત્તાસ્વરૂપ પર પ્રવચનો)

પ્રવચન આઠમું (ભાદરવા સુદ ૪ મંગળવાર)

જો તમને સત્‌ની રુચિ થઈ હોય તો 'સત્‌ની વિશેષ જાહેરાત થાય તો જગતના જીવોને સત્‌નો લાભ થાય' એવી ભાવનાથી યથાર્થ રીતે તમે દેવ-ગુરુ-ધર્મની પ્રભાવના વગેરેમાં સુખરૂપ કેમ પ્રવર્તતા નથી? અમે તો કહીએ છીએ કે તમને દેવનું સાચાપણું જ ભાસ્યું નથી. અહીં પ્રભાવના વગેરેમાં સુખરૂપ (પોતાના હર્ષથી) પ્રવર્તવાનું કહ્યું છે. કોઈના કહેવાથી, કાયદાથી, નાતના પ્રતિબંધથી ચૂલાવેરો ભરવા વગેરે પ્રકારે પ્રવર્તે તે નહીં, પણ પોતે જ ભક્તિથી દેવ-ગુરુ-ધર્મની પ્રભાવના વગેરેમાં ઉત્સાહથી પ્રવર્તે.

જેમ રોગીને દવા કરવી ન રુચે તો તેનું મરણ નજીક આવ્યું ભાસે છે, તેમ તમને દેવ-ગુરુ-ધર્મને માટે ઉલ્લાસ નથી આવતો તો તમારું ભવિષ્ય બુરું છે. દેવ-ગુરુ-ધર્મને માટે જે લોભ કરે છે તેના જેવો કપટી બીજો કોઈ નથી. વીતરાગદેવે જેને સ્વીકાર્યા કે 'આ પ્રાણી લાયક છે' તો તેના જેવું ઉત્તમ બીજું શું? અને વીતરાગની વાણીએ જેને નકાર્યા કે 'આ પ્રાણી લાયક નથી' તો તેના જેવો હલકો બીજો કોણ?

જેમ કોઈ કુલટા સ્ત્રી પરપુરુષને પોતાનો ધણી માની તેની ભક્તિ વગેરે કાર્યો કરતી હતી, અને તેને સારું સારું જમાડતી હતી. પછી લાંબે કાળે કોઈ ભાગ્યોદયથી તેને પોતાનો સાચો ધણી મળ્યો ત્યારે પ્રથમ જેવો ઉત્સાહ પરપુરુષ માટે કરતી હતી તેવો ઉત્સાહ પોતાના સાચા ધણી માટે બની શકે છતાં ન કરે, અને પ્રેમરૂપ ન પ્રવર્તે તો તે કુલટા જ છે, તેને તેના સાચા ધણીની પ્રીતિ જ નથી; એવી રીતે તમે પણ પ્રથમ દશામાં મિથ્યાદેવ-ગુરુ માટે તથા ઘરસંસારને માટે રસપૂર્વક કાર્યમાં પ્રવર્તતા હતા. હવે ઘણા મહાન ભાગ્યે સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર મળ્યા, તથા સાચા સ્વામી જિનદેવ કે જેમનાથી સુખ મળે ને જન્મ-મરણના દુઃખ ટળે તેમની પ્રાપ્તિ થઈ છતાં તમે તન-મન-ધનથી તેમની ભક્તિ આદિમાં નથી પ્રવર્તતા તો તમે પણ પેલી કુલટા જેવા જ છો, કુલટાની જેમ તમારામાં મહા ખોટાપણું—મિથ્યાપણું છે. પોતાને ધર્મી કહેવડાવે, વીતરાગના સેવક કહેવડાવે અને વીતરાગદેવના કાર્યો હર્ષથી ન કરે એ તો ભારે ગજબ છે!

પ્રભુ ધ્યાનમયી અસિ તેજધાર;
કીના દુર્જય મોહ પ્રહાર;

ગ્રંથકાર કહે છે કે ભાઈ! તમે વિચાર કરી જુઓ કે આ દોષ તમારામાં છે કે નહિ? અમારે તમને જોરાવરીથી દોષ લગાડવા નથી, પણ તમારા અંતરંગમાં આ જ પ્રમાણે પ્રવૃત્તિ બની રહી હોય તો તમારા ઘેર દોષ અવશ્ય આવશે.

કુદેવ-કુગુરુ છોડીને સાચા દેવ-ગુરુના સંબંધમાં સાચા રસરૂપ—હર્ષપૂર્વક કાર્યો થતાં ધર્મીપણું આવશે, માત્ર કોરી વાતોથી ધર્મીપણું આવશે નહીં. પ્રથમ સાચા દેવ-ગુરુની ભક્તિ, બહુમાન, વિનય એ બધું હોય તો ખરું, પણ કેટલાક તો તેમાં જ ધર્મ માનીને અટકી પડ્યા છે, તે યથાર્થ વસ્તુ સમજતા નથી; અને કેટલાકે જિનદેવની ભક્તિ વગેરે મૂળમાંથી જ ઉડાડી દીધા, તે પણ વાસ્તવિક તત્ત્વ સમજ્યા નથી. પ્રથમ કુદેવ-કુગુરુની માન્યતા છોડીને સાચા દેવ-ગુરુ-ધર્મને માનવાથી અશુભભાવ ઘટીને શુભભાવ વધી જાય છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ આદિના શુભ પરિણામ કરે તો તેનું ફળ શુભ આવશે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને માને તેને પૂર્વના પાપ હોય તો ઘટી જાય છે અને પુણ્ય વધી જાય છે. અને તે બન્ને રહિત આત્માના સ્વરૂપની ઓળખાણ કરે તો વર્તમાન અપૂર્વ ધર્મ થાય છે.

એ ખાસ ધ્યાનમાં રાખવું કે પુણ્ય-પાપ તથા ધર્મ એ કોઈ પૈસાથી થતા નથી. પૈસા જડ વસ્તુ છે, તેનાથી આત્માનો ધર્મ તો થાય નહિ જ, પરંતુ પૈસાથી પુણ્ય પણ થતું નથી તેમ જ પૈસાથી પાપ પણ થતું નથી. પૈસા આવવા કે જવા તે બધી જડની ક્રિયા છે, તેનો કર્તા જડ છે, આત્મા તેનો કર્તા નથી, અને આત્માને તે જડની ક્રિયાનું ફળ પણ નથી. જડથી ભિન્ન અને પુણ્ય-પાપના વિકારથી પણ ખરેખર જુદા ચૈતન્યસ્વભાવની સાચી ઓળખાણપૂર્વક શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા તે જ ધર્મ છે. અને પૈસા વગેરે તરફની તીવ્ર તૃષ્ણાના પાપભાવને ઘટાડીને તૃષ્ણા ઓછી કરે તો તે ભાવથી પુણ્ય થાય છે. જીવ અશુભભાવ છોડી તૃષ્ણા ઘટાડવાનો ભાવ કરે ત્યારે ધન વગેરે ઉપરનો લોભ મંદ થતાં ધન આદિ ખરચાય એવો ઘણે ભાગે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બને છે; તથા પૈસા વગેરે ઉપર તીવ્ર તૃષ્ણા કરે તો તે ભાવથી પાપ થાય છે. આ રીતે આત્માના પરિણામથી જ ધર્મ કે પુણ્ય-પાપ થાય છે. ધર્મ તે આત્માની શુદ્ધ ક્રિયા છે, પુણ્ય-પાપના ભાવ તે આત્માની અશુદ્ધ ક્રિયા છે અને પૈસા વગેરેનું આવવું-જવું તે જડની ક્રિયા છે. આત્માની ક્રિયાનો કર્તા આત્મા છે, જડની ક્રિયાનો કર્તા જડ છે. આત્મા અને જડ બંને જુદા પદાર્થો છે, તેઓ એકબીજાનું કાંઈ કરી શકે નહિ.

**ત્રૈલોક્ય પૂજ્ય અદ્‌ભુત અચિન્ત્ય,**
**પાયા અર્હંત પદ આત્મચિન્ત્ય. ૧૩૩**

આ પ્રમાણે જડ અને ચેતન બંને પદાર્થો જુદા છે તથા તેમના કાર્યો પણ જુદા છે; એટલું સમજ્યા પછી જીવ પોતાના પરિણામ તરફ જુએ છે. પોતાના પરિણામમાં પાપભાવથી બચવા માટે પુણ્યભાવ આવે છે. તે પુણ્યભાવ પણ વિકાર છે, અને તે વિકાર રહિત અવિકારી ભાવ અર્થાત્ આત્માના સ્વરૂપની સાચી સમજણરૂપ ભાવ તે જ ધર્મ છે. એમ ધર્મ અને પુણ્ય વચ્ચે તફાવત છે તે સમજવો જોઈએ. ધર્મનો ઉપાય સાચી સમજણ કરવી તે જ છે, પુણ્ય તે ધર્મનો ઉપાય નથી, કેમકે પુણ્ય તે વિકાર છે અને ધર્મ તો અવિકારી છે. વિકાર કરતાં કરતાં અવિકારીપણું કદી થાય નહિ.

પહેલાં સંસાર તરફના અશુભ પાપભાવને ફેરવીને અને સત્‌દેવ-ગુરુ-ધર્મને ઓળખીને તે તરફના શુભભાવ કરે ત્યારે જીવ ગૃહીત મિથ્યાત્વથી છૂટે છે. પરંતુ સત્‌દેવ-ગુરુ-ધર્મ તરફના શુભરાગથી ધર્મ થઈ જતો નથી. દેવ-ગુરુ-ધર્મને ઓળખીને ગૃહીત મિથ્યાત્વ તો જીવે અનંતવાર છોડ્યું, છતાં નિજ આત્માનું સાચું સ્વરૂપ સમજ્યો નહિ અને પુણ્યથી ધર્મ થાય એવી સૂક્ષ્મ મિથ્યા માન્યતા છોડી નહિ તેથી ધર્મ થયો નહિ, અને અનંત સંસારમાં રખડ્યો. પ્રથમ દેવ-ગુરુ-ધર્મને બરાબર ઓળખ્યા પછી, દેવ-ગુરુ-ધર્મથી ભિન્ન અને તે તરફના શુભભાવથી પણ પરમાર્થે જુદા એવા પોતાના આત્માને ઓળખીને તેની શ્રદ્ધા અને સ્થિરતા કરવી તે જ ધર્મ છે અને તેનાથી જ અનંત સંસારનો નાશ થઈ અવિનાશી સુખની પ્રાપ્તિ થાય છે. આ જ છે મુક્તિનો માર્ગ.

મુક્તિનો માર્ગ બતાવનાર સંતોને નમસ્કાર હો. (સમાપ્ત)

જેમના મુખનું દર્શન કરવાથી ભક્તજનોના નેત્રોની ચંચળતા નષ્ટ થાય છે અને સ્થિર થવાથી આદત વધે છે અર્થાત્ એકદમ ટકટકી લગાવીને જોવા લાગે છે; જે મુદ્રા જોવાથી કેવળ ભગવાનનું સ્મરણ થઈ જાય છે, જેની સામે સુરેન્દ્રની સંપત્તિ પણ તણખલા સમાન તુચ્છ ભાસવા લાગે છે, જેના ગુણોનું ગાન કરવાથી હૃદયમાં જ્ઞાનનો પ્રકાશ થાય છે અને જે બુદ્ધિ મલિન હતી તે પવિત્ર થઈ જાય છે. પંડિત બનારસીદાસજી કહે છે કે જિનરાજના પ્રતિબિંબનો પ્રત્યક્ષ મહિમા છે. જિનેન્દ્રની મૂર્તિ સાક્ષાત્ જિનેન્દ્ર સમાન સુશોભિત થાય છે.

(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, ચતુર્દશ ગુણસ્થાનાધિકાર, પદ-૨)

પ્રભુ દેખ કર્મસે રહિત નાથ,<br>
વનવાસી તપસી આયે સાથ;



## અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

ચૈતન્યસ્વભાવનો અનુભવ અને વેદનનો પ્રકાશ થાય તે અનુભવપ્રકાશ છે. ચિદાનંદની રુચિ કરીને આત્મામાં લીનતા થાય તે અનુભવ, સમાધિ અને મોક્ષમાર્ગ છે.

આગમમાં સ્વરૂપને વેદવાનું જ વિધાન કહ્યું છે. શુદ્ધ ચિદાનંદ હું છું એવી અંતરદૃષ્ટિમાં રમણ કરવું તેનું વિધાન સર્વજ્ઞોએ ભાખ્યું છે. કચાશ રહી જાય અને શુભભાવ થાય એનું વિધાન મુખ્યપણે કહ્યું નથી. આત્મા એક સમયમાં પરિપૂર્ણ ચિદાનંદ પિંડ છે. એનું મુખ્યપણે વેદન કરવું તે જ વિધાન છે. જે પર્યાયને બિલકુલ માનતો નથી એને શુદ્ધ-અશુદ્ધ પર્યાયનો પિંડ તે દ્રવ્ય છે, એમ કહેલ છે. અહીં તો જેને પર્યાયનું જ્ઞાન છે તેને પર્યાયદૃષ્ટિ છોડાવી ત્રિકાલ ધ્રુવ આત્મા શુદ્ધ છે એની દૃષ્ટિ કરાવે છે. આત્મા એક સમયમાં ચિદાનંદ પરિપૂર્ણ છે, એની દૃષ્ટિ કરવી તે જ વિધાન છે અને એમાં સ્વાશ્રયના બળ વડે જેટલા અંશે પુણ્ય-પાપની વૃત્તિનો અભાવ થાય તેટલી સમાધિ છે. સ્વરૂપનું વેદન થવું તે અસ્તિથી વાત કરેલ છે અને વિકારનો અભાવ થવો તે નાસ્તિથી વાત કરેલ છે.

હવે આ છેલ્લો અધિકાર છે, માટે એમાં સાર સાર વાત કરે છે. આ ચોથા ગુણસ્થાનની વાત છે. જેટલું સમ્યગ્જ્ઞાન-સમ્યગ્દર્શન છે એના પ્રમાણમાં અંતરશાંતિનું વેદન છે. ચોથા ગુણસ્થાને પણ નિર્વિકલ્પ સમાધિ અંશે હોય છે અને અંશે શુદ્ધ ઉપયોગ પણ હોય છે. પૂર્ણ શુદ્ધ ઉપયોગ તો બારમે ગુણસ્થાને હોય છે. અહીં તો જેટલે અંશે પુણ્ય-પાપનો અભાવ થયો એટલે અંશે આત્માનો અનુભવ હોય છે. ત્રિકાળ ચૈતન્યજ્યોતના આશ્રયે ઉત્પન્ન થયેલો ભાવ છે. તે નિરુપાધિ ભાવ છે અને જેટલો પરલક્ષે થયેલો ભાવ છે તે ઉપાધિભાવ છે. ઉપાધિરહિત ભાવ તે સમાધિ છે.

લોકો સમાધિ કહે છે એવી આ સમાધિ નથી. ટીલાંટપકાં કરીને કુંભક-રેચક આદિ કરે છે અને ધ્યાનમાં બેસે છે એ કાંઈ સમાધિ નથી. સમાધિ ખબર હોય નહિ

નિજશ્રમ અસાર લખ આપ ચાહ,
ધરકર શરણ લી મોક્ષરાહ. ૧૩૪

અને સમાધિના પાઠો ભણે એથી કરીને કાંઈ સમાધિ થઈ જાય નહિ.

આત્મામાં વિશ્રામ થતાં સ્વરૂપસ્થિરતા પામી સમાધિ લાગી, જ્ઞાનધારા નિરાવરણ થઈ, જેમ જેમ નિજતત્ત્વ જાણે તેમ તેમ જ્ઞાનધારા વધવા માંડી. ત્રિકાળ શુદ્ધ દ્રવ્યનો આશ્રય કરવાથી એકરૂપધારા વધે છે, તેમ તેમ વિશુદ્ધતા કેવળથી અને જ્ઞાનપરિણતિ પરમ પુરુષથી મળી નિજમહિમા પ્રગટ કરે ત્યાં અપૂર્વ આનંદભાવનો દર્શાવ થાય ત્યારે સ્વરૂપસમાધિ કહેવાય.

અહીં નિજતત્ત્વ એટલે ત્રિકાળ શક્તિરૂપ સ્વભાવભાવ છે. એને જાણતાં વિશુદ્ધતા વધે છે. ત્યારે તે પરિણતિ આત્મા ત્રિકાળસ્વભાવરૂપી પરમ પુરુષમાં એકાકાર થઈ અને પોતાનો મહિમા ખ્યાલમાં આવ્યો તથા પૂર્વે એક સમયમાં પણ પ્રગટ નહિ કરેલ એવો આનંદ પ્રગટ થયો, એને અહીં સમાધિ કહે છે. પૂર્વે સ્વર્ગમાં, મનુષ્યાદિ વગેરેમાં ક્યાંય પણ નહિ અનુભવેલ આનંદ પ્રગટ થાય છે. એવો આનંદ તે સમાધિ છે.


આત્મા નિરંજન નિર્વિકલ્પરૂપ છે, તેને જાણીને આવા અંતર અવલોકનથી નિર્વિકલ્પ દશા પ્રગટ કરવી તે ગિરિગુફામાં પ્રવેશ છે. બહારમાં વસ્તી છોડીને પહાડમાં ચાલ્યા જાય તે ગિરિગુફા નથી. આત્માના સ્વરૂપમાં લીન થવું તેને ગિરિગુફામાં પ્રવેશ કર્યો કહેવાય છે.

અનાદિ અજ્ઞાનનો ભ્રમભાવ જે આકુળતાનું મૂળ છે તે ભાવ સમાધિ થતાં મટે છે. જુઓ, અહીં અનાદિનો આકુળતાભાવનો નાશ કેમ થાય તે કહે છે. પુણ્ય-પાપ તો દુઃખ છે, એ ભ્રમભાવને છોડીને અંતરસન્મુખ થવું તે આકુળતા નાશ કરવાનો ઉપાય છે. અનાત્મઅભ્યાસના અભાવથી સહજપદનો ભાવ ભાવતાં ભવવાસના વિલય પામે છે અને આત્માનું પરમપદ દેખાય છે. સહજ ત્રિકાળી ભાવની ભાવના ભાવતા ભવના વિલાસનો નાશ થાય છે. અનંત કાળથી જે લાભ મળ્યો ન હતો એવો ચિદાનંદ ભગવાનનો લાભ મળે છે. સ્વરૂપની દૃષ્ટિ કરતાં આત્માનો લાભ થયો. કોઈ દિવસ મલિન થયો નથી. એવો ચિદાનંદ જ્ઞાયકસ્વભાવ છે તેની પ્રાપ્તિ થાય છે.


પોતાનો જ્ઞાનસ્વભાવ જ ખરું આશ્રયધામ છે. એવી પ્રતીતિ થઈ એટલે ચક્રવર્તીનાં નવનિધાન પણ સડેલાં તરણાં જેવા લાગ્યા. તીર્થંકરનું સમવસરણ પણ જડ છે, તે આત્મા નથી. અજ્ઞાનીને તીર્થંકરનામકર્મ હોય નહિ અને જ્ઞાનીને એનો આદર

(જુઓ અનુસંધાન પેજ નં. ૩૨ ઉપર)

**શ્રી પાર્શ્વ ઉગ્ર કુલ નભ સુચંદ્ર,**
**મિથ્યાતમ હર સત્ જ્ઞાનચન્દ્ર;**




## શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



(ત્રીજી ઢાળ ગાથા ૪-૫-૬)

### જીવતત્ત્વ અને તેના ભેદોનું વર્ણન

સાત તત્ત્વોમાંથી જીવતત્ત્વ કેવું છે તેની આ વાત ચાલે છે. વિદેહક્ષેત્રમાં દેહસહિત અરિહંતભગવંતો સદાય બિરાજે છે, અહીં ભરતક્ષેત્રમાં પણ અઢીહજાર વર્ષ પહેલાં અરિહંત ભગવાન સાક્ષાત્ વિચરતા હતા, તે ભગવંતોએ જીવાદિ તત્ત્વનું જેવું સ્વરૂપ કહ્યું તેવું જ્ઞાનીસંતોએ ઝીલ્યું, જાતે અનુભવ્યું અને શાસ્ત્રમાં કહ્યું; તે જ અહીં કહેવાય છે. સંસ્કૃતભાષામાં સિદ્ધાન્તસૂત્રોની પહેલવહેલી રચના કરનારા શ્રી ઉમાસ્વામી આચાર્ય વીતરાગતામાં ઝૂલતા પરમ દિગંબર સન્ત હતા ને કુંદકુંદાચાર્યદેવના તેઓ શિષ્ય હતા, તેમણે રચેલું તત્ત્વાર્થસૂત્ર એ જૈનસિદ્ધાન્તની ગીતા જેવું છે, તેના ઉપર પૂજ્યપાદસ્વામી, અકલંકસ્વામી ને વિદ્યાનંદીસ્વામી જેવા મહાન આચાર્યોએ 'સર્વાર્થસિદ્ધિ' 'રાજવાર્તિક' તથા 'શ્લોકવાર્તિક' જેવી મોટી–મોટી ટીકાઓ રચી છે; તે તત્ત્વાર્થસૂત્રમાં મોક્ષમાર્ગ, સાત તત્ત્વો વગેરે ઘણા વિષયોનું વર્ણન કર્યું છે. પહેલા જ સૂત્રમાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રને મોક્ષમાર્ગ કહ્યો છે, તેમાં નિશ્ચય સમ્યગ્દર્શનાદિની વાત છે. જો કે ત્યાં સાત તત્ત્વોની વાત લીધી છે, પણ તે સાત તત્ત્વોને જાણીને તેમાંથી શુદ્ધનયના વિષયરૂપ શુદ્ધાત્માને લક્ષમાં લઈને, તેની સન્મુખ થઈને નિર્વિકલ્પ પ્રતીત કરે એવા નિશ્ચયસમ્યગ્દર્શન સહિતની તે વાત છે. જેમ સમયસારમાં ૧૩ મી ગાથામાં આચાર્યદેવે કહ્યું છે કે 'જીવાદિ નવ તત્ત્વોને ભૂતાર્થથી જાણવા તે સમ્યગ્દર્શન છે' ત્યાં ભૂતાર્થદૃષ્ટિ કરતાં જ તેમાં શુદ્ધ આત્માની પ્રતીત આવી, ને નવ તત્ત્વના વિકલ્પ છૂટી ગયા. શુદ્ધદૃષ્ટિમાં નવ ભેદ નથી, તેમાં તો એકલો શુદ્ધાત્મ ભગવાન જ આનંદસહિત પ્રકાશમાન છે; ને આવા આત્માની દૃષ્ટિપૂર્વક નવ તત્ત્વની પ્રતીતનું આ વર્ણન છે. એકલા નવ તત્ત્વ ગોખ્યા કરે ને તેના વિકલ્પને અનુભવ્યા કરે પણ જો શુદ્ધઆત્માને દૃષ્ટિમાં ન લ્યે તો તેને સમ્યગ્દર્શન થતું નથી, તે તો બહિરાત્મા જ રહે છે. અહીં તો અંતરાત્મા થયેલો જીવ, વિકલ્પોથી છૂટો પડીને નવ તત્ત્વને જેમ છે તેમ જાણે છે તેની વાત છે, ને તેને વ્યવહારસમ્યગ્દર્શન કહેવાય છે. અંતરમાં શુદ્ધાત્મામાં જ સ્વામીત્વબુદ્ધિ વર્તે છે તે

કેવલજ્ઞાની સત્ મગ પ્રકાશ,
હૂં નમત સદા રખ મોક્ષ-આશ. ૧૩૫

નિશ્ચયસમ્યગ્દર્શન છે. જ્યાં જે અપેક્ષા હોય તે સમજવી જોઈએ. નિશ્ચયશ્રદ્ધાના વિષયમાં નવ ભેદ ન આવે, તેમાં તો એકલા નિજરૂપની જ શ્રદ્ધા છે, જેમ રાજાની સાથેના બીજા માણસોને દેખીને તેમને પણ 'આ રાજા આવ્યો' એમ ઉપચારથી કહેવાય છે; ખરેખરો રાજા તો તે નથી, જુદો છે તેમ શુદ્ધઆત્માની દૃષ્ટિરૂપ નિશ્ચય સમ્યક્ત્વ તે તો મોક્ષમાર્ગમાં રાજા સમાન છે, પણ તેની સાથે નવતત્ત્વની પ્રતીતને દેખીને તેને પણ 'આ સમ્યગ્દર્શન છે' એમ ઉપચારથી કહેવાય છે, ખરેખરું સમ્યગ્દર્શન તો તે નથી, જુદું છે. પણ તેની સાથે નવ તત્ત્વની શ્રદ્ધા વગેરેના જે વિકલ્પો હોય છે તે વ્યવહારમાં બતાવ્યા તેવા જ હોય છે. એનાથી વિરુદ્ધ હોતા નથી.

વ્યવહારમાં પણ સર્વજ્ઞભગવાને જે તત્ત્વો બતાવ્યા છે તેનાથી વિરુદ્ધ માન્યતા ધર્મીને હોય નહીં. અહો, આ તો નિશ્ચય–વ્યવહારની સંધિવાળો અલૌકિક જિનમાર્ગ છે.—વીતરાગભગવંતો જે માર્ગે ચાલ્યા તે માર્ગે જવાની આ વાત છે. એની શરૂઆત વીતરાગદૃષ્ટિ વડે થાય છે, રાગ વડે તેની શરૂઆત થતી નથી.

જેણે પોતાના શ્રદ્ધા–જ્ઞાનમાં પૂર્ણ જ્ઞાનાનંદસ્વરૂપ આત્માને ઝીલ્યો છે. અનુભૂતિવડે અંતરમાં પોતાના પરમાત્મસ્વરૂપને અનુભવ્યું છે તે અંતરાત્મા મોક્ષમાર્ગમાં ચાલનારા છે; તે પોતાની પર્યાયને પણ જાણે છે. પહેલાં અજ્ઞાનદશામાં બહિરાત્મપણું હતું, ત્યારે હું એકાંત દુઃખી હતો; તે દશા ટળીને હવે અંતરાત્મપણું થયું છે ને આત્માનું સાચું સુખ અંશે અનુભવમાં આવ્યું છે; હવે શુદ્ધ આત્માના જ ધ્યાન વડે પૂર્ણ સુખરૂપ પરમાત્મદશા અલ્પકાળમાં થશે. આ રીતે બહિરાત્મા, અંતરાત્મા ને પરમાત્મા એવા ત્રણ ભેદથી જીવને ઓળખવો તે વ્યવહારશ્રદ્ધા છે. અહીં ટૂંકામાં પ્રયોજનરૂપ આ ત્રણ પ્રકાર લીધા, બાકી તો ચૌદ ગુણસ્થાનના અનેક પ્રકારો છે, એકેન્દ્રિયાદિ માર્ગણા અપેક્ષાએ અનેક પ્રકારો છે, એમ અનેક પ્રકારના પર્યાયભેદોથી જીવને ઓળખવાનો વ્યવહાર છે, પરમાર્થમાં તો પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયથી અભેદ એકાકાર શુદ્ધ જીવ છે, તેમાં કોઈ ભેદ પડતા નથી. અહીં જીવના અંતરાત્મા વગેરે મુખ્ય ત્રણ ભેદ કહ્યા, અસંખ્ય પ્રકાર કહેવા જાય તો પાર ન આવે, ને આ ત્રણ ભેદનું સ્વરૂપ બરાબર ઓળખતાં અંદર હેય–ઉપાદેયનો વિવેક થઈને ભેદજ્ઞાનરૂપ પ્રયોજન સિદ્ધ થઈ જાય છે; તે ત્રણ ભેદને જાણનાર જીવ બહિરાત્મપણું છોડીને અંતરાત્મા થઈને પરમાત્માને ધ્યાવે છે.

| શ્રી મહાવીર જિન સ્તુતિ | તુમ વીર ! ધવલ ગુણ કીર્તિ ધરે, જગમેં શોભૈ ગુણ આત્મ ભરે;<br>જિમ નભ શોભૈ શુચિ ચંદ્રગ્રહં, સિત કુંદ સમં નક્ષત્ર ગ્રહં. ૧૩૬ |
|---|---|

દેહથી ભિન્ન ચેતનારૂપ પોતાનું અસ્તિત્વ છે તેને ન દેખતાં, દેહ તે જ હું છું—એમ દેહને જ પોતાનો માનીને, અથવા દેહાશ્રિત રાગાદિ ભાવરૂપે જ પોતાને અનુભવીને તે બાહ્યભાવોમાં જ જે વર્તે છે તે બહિરાત્મા છે; પોતે કોણ ને પર કોણ? એનો પણ તેને વિવેક નથી એટલે તે તત્ત્વમાં મૂઢપણે વર્તે છે. રાગાદિભાવો કાંઈ અંતર્સ્વભાવના આશ્રયે ઉત્પન્ન થયેલા નથી એટલે તે જીવના અંતરંગભાવ નથી, તે બાહ્યવસ્તુના આશ્રયે થયેલા બહિર્ભાવ છે. જીવનો અંતર્સ્વભાવ જ્ઞાન-આનંદમય શુદ્ધ છે, તેના આશ્રયે થયેલા સમ્યક્દર્શનાદિ ભાવો તે અંતરંગભાવ છે; તેને જે અનુભવે છે તે અંતરાત્મા છે અને બહિર્ભાવોને જ જે અનુભવે છે તે બહિરાત્મા છે. પરમાં—બહારમાં આત્મપણું માને તે બહિરાત્મા; અંતરમાં પરથી ભિન્ન આત્માને દેખે તે અંતરાત્મા; પૂર્ણ પદને પામેલા તે પરમાત્મા. જે બહિરાત્મા છે, તે પણ જ્ઞાનસ્વરૂપી આત્મા જ છે પણ અજ્ઞાનથી તે બહિરાત્મભાવરૂપે પરિણમેલો છે; સમ્યગ્દષ્ટિએ આત્મા જેવો છે તેવો જાણીને બહિરાત્મપણું છોડ્યું છે, ને પરમાત્મપણાને તે સાધે છે.

જે દેહાદિની ક્રિયાને આત્માની માનનારા બહિરાત્મા છે, જેને દેહથી ભિન્ન આત્માની ખબર નથી, એવા બહિરાત્મા જીવોને સમ્યગ્દર્શન હોતું નથી, તેમજ શ્રાવકપણું કે સાધુપણું પણ તેને હોતું નથી. શરીરની દશાથી આત્માને ધર્મ—અધર્મ થવાનું જે માનતા હોય તે બધા બહિરાત્મા છે—એમ નિઃશંક જાણવું. જુઓ, બીજા જીવોની પણ આવી ઓળખાણ થઈ શકે છે. પરમાત્મા કેવા હોય? અંતરાત્મા કેવા હોય? બહિરાત્મા કેવા હોય? તેનું સ્વરૂપ ઓળખી શકાય છે. તે ઓળખીને શું કરવું? કે બહિરાત્મપણું છોડવું; અંતરાત્મા થઈને પરમાત્મસ્વરૂપે આત્માને ધ્યાવવો.

શરીર તો જડ અજીવ છે, તેમાં કાંઈ જીવનો ધર્મ ગરી ગયો નથી. જીવની પર્યાય અજીવમાં જાય નહીં. બહિરાત્મપણું એ પણ જીવની પર્યાયમાં છે, તે કાંઈ શરીરમાં નથી. અજ્ઞાનથી તે માને ભલે કે હું શરીરમાં છું, પણ તે માન્યતા પણ તેણે પોતાની જ પર્યાયમાં કરી છે. અરે, શરીરથી આત્માની ભિન્નતાને જે ન જાણે તેને તો શાસ્ત્રકારોએ તત્ત્વમૂઢ કહ્યો છે; ભલે B.A., M.A. વગેરે ઘણાં લૌકિક ભણતર તે ભણ્યો હોય તોપણ જીવ—અજીવના ભેદજ્ઞાનરૂપ વીતરાગી આત્મવિદ્યામાં તો તે મૂઢ છે; તેનું લૌકિક ભણતર આત્માના હિત માટે કાંઈ જ કામનું નથી. આત્માના હિત માટે તો આ જીવ—અજીવનું ભેદજ્ઞાન કરાવનારી વીતરાગવિદ્યા ભણવા જેવી છે. (ક્રમશઃ) ❋

**હે જિન! તુમ શાસનકી મહિમા, ભવિભવનાશક કલિમાંહિ રમા;**
**નિજ-જ્ઞાન-પ્રભા અનક્ષીણ-વિભવ, મલહર ગણધર પ્રણમૈં મત તવ. ૧૩૭**

## ક્રમબદ્ધપરિણામમાં છ—છ કારક.

આચાર્યદેવ કહે છે કે 'જીવ પોતાના ક્રમબદ્ધપરિણામે ઊપજતો થકો જીવ જ છે, અજીવ નથી;' તેમાં છએ કારક લાગુ પડે છે, તે આ પ્રમાણે—

૧. જીવ પોતે પોતાની પર્યાયના કર્તાપણે ઊપજતો થકો જીવ જ છે, અજીવનો કર્તા નથી.

૨. જીવ પોતે પોતાના કર્મપણે ઊપજતો થકો જીવ જ છે, અજીવનું કર્મ નથી.

૩. જીવ પોતે પોતાના કરણપણે ઊપજતો થકો જીવ જ છે, અજીવનું કરણ નથી.

૪. જીવ પોતે પોતાના સંપ્રદાનપણે ઊપજતો થકો જીવ જ છે, અજીવનું સંપ્રદાન નથી.

૫. જીવ પોતે પોતાના અપાદાનપણે ઊપજતો થકો જીવ જ છે, અજીવનું અપાદાન નથી.

૬. જીવ પોતે પોતાના અધિકરણપણે ઊપજતો થકો જીવ જ છે, અજીવનું અધિકરણ નથી.

વળી એ પ્રમાણે બીજા છ કારકો પણ નીચે મુજબ સમજવા—

૧. જીવ પોતાની પર્યાયપણે ઊપજતો થકો, અજીવને પોતાનો કર્તા બનાવતો નથી.

૨. જીવ પોતાની પર્યાયપણે ઊપજતો થકો, અજીવને પોતાનું કર્મ બનાવતો નથી.

૩. જીવ પોતાની પર્યાયપણે ઊપજતો થકો, અજીવને પોતાનું કરણ બનાવતો નથી.

૪. જીવ પોતાની પર્યાયપણે ઊપજતો થકો, અજીવને પોતાનું સંપ્રદાન બનાવતો નથી.

૫. જીવ પોતાની પર્યાયપણે ઊપજતો થકો, અજીવને પોતાનું અપાદાન બનાવતો નથી.

૬. જીવ પોતાની પર્યાયપણે ઊપજતો થકો, અજીવને પોતાનું અધિકરણ બનાવતો નથી.

તેમજ, અજીવ પણ પોતાની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજતું થકું અજીવ જ છે, જીવ નથી.—તેમાં પણ ઉપર મુજબ છ-છ કારકો સમજી લેવા. એ રીતે, જીવ-અજીવને પરસ્પર અકાર્યકારણપણું છે.



## પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા

**પ્રશ્ન :—''પૂર્ણતાના લક્ષે શરૂઆત તે શરૂઆત'' એમ શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે ત્યાં પૂર્ણતાના લક્ષે શરૂઆતમાં ત્રિકાળી દ્રવ્ય લેવું કે કેવળજ્ઞાન પર્યાય? કૃપા કરી સ્પષ્ટીકરણ કરશો?**

ઉત્તર :—અહીં પૂર્ણતાના લક્ષમાં સાધ્યરૂપ કેવળજ્ઞાન પર્યાય લેવી. ત્રિકાળી દ્રવ્ય તો ધ્યેયરૂપ છે. કેવળજ્ઞાન ઉપેય છે અને સાધકભાવ તે ઉપાય છે. ઉપાયનું સાધ્ય ઉપેય કેવળજ્ઞાન છે.

**પ્રશ્ન :—બંને અપેક્ષાઓનું પ્રમાણજ્ઞાન કરે પછી પર્યાયદષ્ટિ ગૌણ કરે, નિશ્ચયદષ્ટિને મુખ્ય કરે—આટલી મહેનત કરવાને બદલે—આત્મા ચૈતન્ય છે—ફક્ત એટલું જ અનુભવમાં આવે તો એટલી શ્રદ્ધા સમ્યગ્દર્શન છે કે નહિ?**

ઉત્તર :—નહિ; નાસ્તિક મત સિવાય બધા મતવાળા આત્માને ચૈતન્યમાત્ર માને છે. જો એટલી જ શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહેવામાં આવે તો બધાને સમ્યક્ત્વ સિદ્ધ થઈ જશે. સર્વજ્ઞ વીતરાગે આત્માનું જેવું સ્વતંત્ર અને પૂર્ણસ્વરૂપ કહ્યું છે—તેવું આ સમાગમથી જાણીને, સ્વભાવથી નિર્ણય કરીને તેનું જ શ્રદ્ધાન કરવાથી નિશ્ચય સમ્યક્ત્વ થાય છે. સર્વજ્ઞને સ્વીકારનારા જીવે એ નિર્ણય કર્યો છે કે અલ્પજ્ઞ જીવ અપૂર્ણ અવસ્થાના કાળમાં પણ સર્વજ્ઞ પરમાત્મા જેવો પૂર્ણ સામર્થ્યવાન છે. પૂર્ણને સ્વીકારનાર હરેક સમયે પૂર્ણ થવાની શક્તિ ધરાવે છે. પરોક્ષ જ્ઞાનમાં, વસ્તુના વર્તમાન સ્વતંત્ર ત્રિકાળી અખંડ પૂર્ણ સ્વરૂપનો નિર્ણય પૂર્ણતાના લક્ષ્યથી જ થાય છે. શુદ્ધનયથી એમ જાણવું એ નિશ્ચયસમ્યક્ત્વ છે.

**પ્રશ્ન :—જિનવરે કહેલાં વ્યવહારચારિત્રને સાવધાનીપૂર્વક પાળવાથી સમ્યગ્દર્શન થવાનું કારણ તો થાય ને?**

ઉત્તર :—જરીયે કારણ થાય નહિ. સમ્યગ્દર્શન થવાનું કારણ તો પોતાનો ત્રિકાળી આત્મા જ છે. ભગવાને કહેલા વ્યવહારચારિત્રને સાવધાનીપૂર્વક અને પરિપૂર્ણ પાળે તોપણ તેનાથી સમ્યગ્દર્શન થતું નથી. આ તો વીરાનો માર્ગ છે—શૂરાનો માર્ગ છે.

**હે મુનિ! તુમ મત સ્યાદ્વાદ અનઘ, દષ્ટેષ્ટ વિરોધ વિના સ્યાત્ વદ;**
**તુમસે પ્રતિપક્ષી બાધ સહિત, નહિં સ્યાદ્વાદ હૈં દોષ સહિત. ૧૩૮**

કાયરનું કામ નથી. શુભરાગને ધર્મ કે ધર્મનું કારણ માનનાર બધા કાયર છે.

**પ્રશ્ન :—જેમ ક્રિયાનયથી સિદ્ધિ સાધ્ય છે તેવો એક ધર્મ છે અને જ્ઞાનનયથી સિદ્ધિ સાધ્ય છે તેવો પણ એક ધર્મ છે; તેવી રીતે ત્રિકાળી દ્રવ્યના આશ્રયે પણ સમ્યગ્દર્શન થાય અને નિર્મળ પર્યાય સહિત દ્રવ્યના આશ્રયે પણ સમ્યગ્દર્શન થાય, એમ છે ?**

ઉત્તર :—ના; એક જ સમયે જાણવા લાયક ક્રિયાનય ને જ્ઞાનનય ઈત્યાદિ અનંત ધર્મો છે. પરંતુ સમ્યગ્દર્શનનો વિષય એક નયે ત્રિકાળી દ્રવ્ય પણ છે ને બીજા નયથી જોતાં પર્યાય સહિતનું દ્રવ્ય પણ સમ્યગ્દર્શનનો વિષય બને એવો કોઈ ધર્મ જ નથી. સમ્યગ્દર્શનનો વિષય તો માત્ર ભૂતાર્થ એવું ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય (પર્યાય રહિતનું) જ છે. તેના આશ્રયે જ સમ્યગ્દર્શન થાય છે, અન્યથા સમ્યગ્દર્શન થતું નથી.

**પ્રશ્ન :—સમ્યગ્દર્શન તો રાગ છોડે ત્યારે થાય ને ?**

ઉત્તર :—પ્રથમ રાગ ન છૂટે, પણ રાગની રુચિ છોડી સ્વભાવની રુચિ કરે છે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. સમ્યગ્દર્શનમાં રાગની ભિન્નતા થાય છે. રાગ છૂટતો નથી પણ રાગને દુઃખરૂપ જાણીને તેની રુચિ છૂટે છે.

પ્રશ્ન :—ગુણભેદના વિચારથી પણ મિથ્યાત્વ ન ટળે, તો મિથ્યાત્વને ટાળવું કેમ?

ઉત્તર :—શુદ્ધ આત્મવસ્તુ કે જેમાં રાગ કે મિથ્યાત્વ છે જ નહિ—તે શુદ્ધવસ્તુમાં પરિણામ તન્મય થતાં મિથ્યાત્વ ટળે છે; બીજા કોઈ ઉપાયથી મિથ્યાત્વ ટળે નહિ. ભાઈ, ગુણભેદનો વિકલ્પ પણ શુદ્ધવસ્તુમાં ક્યાં છે?—નથી; તો તે શુદ્ધવસ્તુની પ્રતીત ગુણભેદના વિકલ્પની અપેક્ષા રાખતી નથી. વસ્તુમાં વિકલ્પ નથી, ને વિકલ્પમાં વસ્તુ નથી; એમ બંનેની ભિન્નતા જાણતાં પરિણતિ વિકલ્પમાંથી ખસીને (છૂટી પડીને) સ્વભાવમાં આવે ત્યાં મિથ્યાત્વ ટળી જાય છે.—આ મિથ્યાત્વ ટાળવાની રીત છે; એટલે કે 'ઉપયોગ' અને રાગાદિનું ભેદજ્ઞાન તે સમ્યક્ત્વનો માર્ગ છે. તે માટે, વિકલ્પ કરતાં ચિદાનંદ સ્વભાવનો અનંતો મહિમા ભાસીને તેનો અનંતો રસ આવવો જોઈએ.

**પ્રશ્ન :—જેને સમ્યગ્દર્શન થવાનું જ છે એવા જીવની પૂર્વ ભૂમિકા કેવી હોય ?**

ઉત્તર :—એ જીવને જેવું વસ્તુનું સ્વરૂપ છે તેવો સવિકલ્પ નિર્ણય હોય છે પણ સવિકલ્પથી નિર્વિકલ્પતા થાય જ એમ નથી. જેને થાય તેને પૂર્વના સવિકલ્પ નિર્ણયમાં ઉપચાર આવે છે.

**हे जिन ! सुर असुर तुम्हें पूजें, मिथ्यात्वी चित नहिं तुम पूजें;**
**तुम लोकत्रय हितके कर्ता, शुचि ज्ञानमई शिव-धर धर्ता. १३९**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

**પ્રશ્ન :—***ત્યાં તો પ્રથમ આત્માને જાણવો એમ કહ્યું છે તો આત્માને શ્રદ્ધવો પછી?*

**સમાધાન :—**જ્યારે પોતે પોતા તરફ જાય ત્યારે પહેલાં યથાર્થ જ્ઞાનથી ઓળખે. માટે પહેલાં જ્ઞાન યથાર્થ કરવું, પછી પ્રતીતિ કરવી અને પછી આચરણ કરવું—તેમ ક્રમ લીધો છે. અનાદિની પોતાને સાચી સમજણ જ થઈ નથી તેથી પહેલાં એમ કહેવાય કે તું જ્ઞાન યથાર્થ કર તો શ્રદ્ધા યથાર્થ થાય. ખરી રીતે તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષમાર્ગ છે. યથાર્થ પ્રતીતિ થાય તો જ મોક્ષમાર્ગની શરૂઆત થાય છે. પણ પહેલાં યથાર્થ જ્ઞાન કર પછી શ્રદ્ધા થાય, તેમ આવે છે.

**પ્રશ્ન :—***પ્રથમ શું હોય શ્રદ્ધા કે જ્ઞાન?*

**સમાધાન :—**સાચી સમજણ વગર યથાર્થ શ્રદ્ધા થતી નથી. અને યથાર્થ શ્રદ્ધા વગર જ્ઞાન યથાર્થ થતું નથી.

**પ્રશ્ન :—***તો અમારે જ્ઞાન પણ કરવું? અને શ્રદ્ધા પણ કરવી?*

**સમાધાન :—**જ્ઞાન અને શ્રદ્ધા સાથે જ છે. યથાર્થ શ્રદ્ધા હોય તો જ્ઞાન યથાર્થ થયા વગર રહેતું નથી. જેને યથાર્થ જ્ઞાન થાય તેની શ્રદ્ધા પણ યથાર્થ જ હોય છે.

**પ્રશ્ન :—***જૈનદર્શનમાં શ્રદ્ધાની પ્રધાનતા છે?*

**સમાધાન :—**હા, શ્રદ્ધાની પ્રધાનતા છે. શ્રદ્ધા કરે તેમાં જ્ઞાન વચ્ચે આવે છે, માટે પ્રથમ જ્ઞાન કરવું એમ કહેવાય પણ શ્રદ્ધા યથાર્થ હોય તો જ મુક્તિના માર્ગની શરૂઆત થાય છે.

**પ્રશ્ન :—***શું મુમુક્ષુને આત્મા પ્રાપ્ત કરવા જતાં દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે શુભભાવ આવે જ?*

**સમાધાન :—**હા, મુમુક્ષુની ભૂમિકામાં તેવા ભાવ આવે. સમ્યગ્દર્શન થતાં મુક્તિનો માર્ગ શરૂ થાય, પછી ચારિત્રદશા થાય તો પણ દેવ-શાસ્ત્ર-ગુરુના શુભ વિકલ્પ

હે પ્રભુ! ગુણભૂષણ સાર ધરેં, શ્રી સહિત સભા જન હર્ષ કરે;
તુમ વપુ કાંતિ અતિ અનુપમ હૈ, જગપ્રિય શશિ જીતે રુચિતમ હૈ. ૧૪૦

સાથે હોય છે. જ્યાં સુધી વીતરાગદશા નથી થઈ ત્યાં સુધી શુભભાવ હોય છે. મુમુક્ષુને તો એમ થાય કે દેવ-શાસ્ત્ર-ગુરુની સમીપતા હો. તેમની વાણીનું શ્રવણ—મનન હો, વગેરે બધી ભાવના આવે. સમ્યગ્દષ્ટિને, ચારિત્રવાન મુનિને પણ દેવ-શાસ્ત્ર-ગુરુની સાન્નિધ્યતાના શુભ ભાવ આવ્યા વગર રહેતા નથી, વચ્ચે સાથે હોય છે. અણુવ્રત—મહાવ્રતનાં શુભ પરિણામ આવે છે તેની સાથે દેવ-શાસ્ત્ર-ગુરુના સાન્નિધ્યનાં શુભ પરિણામો આવે છે. બહારનો યોગ કેટલો હોય તે વાત જુદી પણ તેની ભાવના તો આવી હોય છે.

**પ્રશ્ન** :—*પાત્ર શિષ્ય સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા માટે કેવું ચિંતવન—મનન કરે કે જેથી તેને શીઘ્ર પ્રયોજનની સિદ્ધિ થાય?*

**સમાધાન** :—નિરંતર તેને જ્ઞાયકનું ચિંતવન હોવું જોઈએ. મારે તો જ્ઞાયક જ જોઈએ, બીજું કાંઈ ન જોઈએ. બધા શુભાશુભ—વિભાવભાવ છે તેમાં શાંતિ લાગતી નથી. મારો જ્ઞાયકભાવ તે સુખરૂપ અને આનંદરૂપ છે.—આમ જ્ઞાયકનું ચિંતવન—મનન હોય અને તેના માટે વારંવાર તેનો જ અભ્યાસ, તેવી જાતના શ્રુતનું ચિંતવન કરે. દ્રવ્ય-ગુણ-પર્યાયો શું? નિમિત્ત-ઉપાદાન શું? એમ પ્રયોજનભૂત તત્ત્વના વિચારો અનેક પ્રકારે કરે. હું જ્ઞાયક છું, પર પદાર્થોનો હું કર્તા નથી. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે.—આમ બધું ચિંતવન જ્ઞાયકની સિદ્ધિ માટે કરે.

મારો જ્ઞાયક જ્ઞાયકરૂપે કેમ પરિણમી જાય તેવી ભાવના નિરંતર હોય. ચિંતવન—મનન વારંવાર તેનું જ હોય છે. ક્ષણે ક્ષણે જ્ઞાયકનું ચિંતવન—મનન રહે એવો તેનો પ્રયત્ન હોય છે, તેમાં તે થાકતો નથી પણ પ્રયત્ન ચાલુ જ રાખે છે.

**પ્રશ્ન** :—*અમે જ્ઞાનથી જુદું પાડતાં હતાં, એવી ભૂલ અમારી થતી હતી તો શું જ્ઞાનથી જુદો જ્ઞાયક એમ નહિ લેવાનું?*

**સમાધાન** :—હું અધૂરા જ્ઞાન જેટલો નથી, પૂર્ણ શાશ્વત છું. મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યયજ્ઞાન તે બધા ક્ષયોપશમ જ્ઞાનના ભેદ છે, તે મારો પૂર્ણ સ્વભાવ નથી. પૂર્ણ સ્વભાવને ગ્રહણ કરવો, અધૂરાને નહિ. રાગ અને નિમિત્તના કારણે જે પર્યાયો થાય છે તેને ગ્રહણ નહિ કરતાં જે પૂર્ણ સ્વરૂપ છે તેને ગ્રહણ કરવું જોઈએ. આ બધી અધૂરી પર્યાયો છે તેનું જ્ઞાન કરવું. તે ચૈતન્યની સાધનામાં પ્રગટતી પર્યાય છે. તેનાથી ભેદજ્ઞાન કરવાનું નથી.

**હે જિન! માયામદ નાહિં ધરો, તુમ તત્ત્વ-જ્ઞાનસે શ્રેય કરો;**
**મોક્ષેચ્છુ કામકર વચ તેરા, વ્રત-દમકર સુખકર મત તેરા. ૧૪૧**

## બાળ વિભાગ

## કપિલ બ્રાહ્મણની કથા

વનવાસ દરમ્યાન વન-અટવી ભ્રમણ કરતાં દેવ જેવા રામ-લક્ષ્મણ મનોહર નંદનવન જેવા વનમાં સુખેથી ફરતાં ફરતાં એક મનોજ્ઞ દેશમાં આવી પહોંચ્યા. તેની મધ્યમાં તાપી નદી વહેતી હતી. જાતજાતનાં પક્ષીઓના અવાજો આવતા હતા. તે નિર્જન વનમાં સીતાને તરસ લાગી. તેણે પતિને કહ્યું કે હે નાથ! તરસથી મારો કંઠ શોષાય છે. જેમ અનંતભવના ભ્રમણથી ખેદખિન્ન થયેલો ભવ્ય જીવ સમ્યગ્દર્શનની ઈચ્છા કરે તેમ તરસથી વ્યાકુળ હું શીતળ જળ વાંછું છું. આમ કહી તે એક વૃક્ષ નીચે બેસી ગયાં. ત્યારે રામે કહ્યું, હે દેવી! હે શુભે! તું વિષાદ ન કર. પાસે જ એક ગામ છે ત્યાં સુંદર મકાનો છે. ઊઠ, આગળ ચાલ. એ ગામમાં તને શીતળ જળ મળશે. પછી સીતા ઊઠીને ચાલવા લાગ્યાં. ધીમે ધીમે ચાલતાં તેની સાથે બંને ભાઈ અરુણ નામના ગામમાં આવ્યા. ત્યાં ધનવાન ખેડૂતો રહેતા હતા.

ત્યાં એક કપિલ નામના પ્રસિદ્ધ અગ્નિહોત્રી બ્રાહ્મણના ઘેર ઉતર્યા. તે અગ્નિહોત્રીની શાળામાં થોડી વાર થાક ઉતાર્યો. કપિલની સ્ત્રી પાણી લાવી તે સીતાએ પીધું. બ્રાહ્મણ વનમાંથી બિલી, ખીજડો વગેરે લાકડાનો ભારો બાંધીને લાવ્યો. દાવાનળ સમાન પ્રજ્વલિત મનવાળો, મહાક્રોધી કાળકૂટ વિષ સમાન વચન બોલવા લાગ્યો. ઘૂવડ જેવું જેનું મુખ હતું, હાથમાં કમંડળ, ચોટલીને ગાંઠ વાળેલી, લાંબી દાઢી, જનોઈ પહેરેલી એવો એ ખેતરમાંથી અનાજ કાપી લીધા પછી ખેતરમાં પડી રહેલા દાણા વીણીને લાવતો અને આજીવિકા ચલાવતો. તેણે આમને ઘરમાં બેઠેલા જોઈને મોઢું વાકું કરીને બ્રાહ્મણીને અપશબ્દ કહેવા લાગ્યો કે પાપિણી! તેં આમને ઘરમાં શા માટે આવવા દીધા? હું આજ તને ગાયના વાડામાં બાંધીશ. જો! આ નિર્લજ્જ ધીઢ પુરુષે ધૂળથી મારું અગ્નિહોત્રીનું સ્થાન મલિન કર્યું છે.

આ વચન સાંભળી સીતા રામને કહેવા લાગ્યા : હે પ્રભો! આ ક્રોધીના ઘરમાં નથી રહેવું. વનમાં ચાલો. ત્યાં જાતજાતનાં ફળફૂલોથી લચી પડતાં વૃક્ષો શોભે છે. નિર્મળ જળનાં સરોવરોમાં કમળ ખીલે છે, મૃગો પોતાની ઈચ્છા મુજબ ક્રીડા કરે છે. ત્યાં આવા દુષ્ટ પુરુષનાં કઠોર વચન સાંભળવા પડતાં નથી. જોકે આ દેશ ધનથી પૂર્ણ છે અને સ્વર્ગ જેવો સુંદર છે, પણ લોકો અત્યંત કઠોર છે અને ગ્રામ્યજનો વિશેષ કઠોર હોય છે.

વિપ્રનાં રુક્ષ વચનો સાંભળીને ગામના બધા લોકો આવ્યા. આ બન્ને ભાઈઓનું દેવ સમાન રૂપ જોઈ મોહિત થયા. બ્રાહ્મણને એકાંતમાં જઈ લોકો સમજાવવા લાગ્યા કે આ એક રાત અહીં રહેવાના છે, તારું શું ઊજડી જવાનું છે. આ ગુણવાન, વિનયવાન, રૂપવાન પુરુષોત્તમ છે. ત્યારે બ્રાહ્મણ સૌની સાથે ઝઘડ્યો અને બધાને કહ્યું કે તમે મારા ઘેર શા માટે

> હે પ્રભુ! તવ ગમન મહાન હુઆ, શમમત રક્ષક ભય હાન હુઆ;
> જિનવર હસ્તી મદ સવન કરે, ગિરિ તટકો ખંડત ગમન કરૈ. ૧૪૨

આવ્યા? દૂર જાવ. પછી એ મૂર્ખે આમના ઉપર ક્રોધ કરીને કહ્યું, હે અપવિત્ર! મારા ઘરમાંથી બહાર નીકળો. તેનાં કુવચન સાંભળી લક્ષ્મણ ગુસ્સે થયા. તે દુષ્ટના પગ ઊંચા કરીને અને માથું નીચે કરીને ઘુમાવીને પૃથ્વી પર પટકવા જતા હતા ત્યાં પરમદયાળુ રામે તેમને રોક્યા : હે ભાઈ! આ શું? આવા દીનને મારવાથી શો લાભ? એને છોડી દો. એને મારવામાં ખૂબ અપકીર્તિ થશે. જિનશાસનમાં કહ્યું છે કે શૂરવીરે આટલાને ન મારવા—યતિ, બ્રાહ્મણ, ગાય, પશુ, સ્ત્રી, બાળક અને વૃદ્ધ. આ દોષિત હોય તો પણ હણવાયોગ્ય નથી. આમ રામે ભાઈને સમજાવ્યા અને બ્રાહ્મણને છોડાવ્યો.

પોતે લક્ષ્મણને આગળ કરી સીતા સહિત ઝૂંપડીમાંથી બહાર નીકળી ગયા. પોતે જાનકીને કહેવા લાગ્યા : હે પ્રિયે! ધિક્કાર છે નીચની સંગતિને, કે જેનાથી મનમાં વિકારનું કારણ, મહાપુરુષો માટે ત્યાજ્ય એવાં ક્રૂર વચન સાંભળવા પડે છે! મહાવિષમ વનમાં વૃક્ષોની નીચે રહેવું સારું છે અને આહારાદિ વિના પ્રાણ જાય તો પણ ભલું છે, પરંતુ દુર્જનના ઘેર એક ક્ષણ માટે પણ રહેવું યોગ્ય નથી. નદીના કિનારે, પર્વતોની ગુફામાં રહીશું, પણ આવા દુષ્ટને ઘેર નહીં આવીએ. આ પ્રમાણે દુષ્ટના સંગની નિંદા કરતાં ગામમાંથી નીકળી રામ વનમાં ગયા.

તે વખતે વર્ષાઋતુ આવી. સમસ્ત આકાશને શ્યામ કરતા, પોતાની ગર્જનાથી પર્વતોની ગુફામાં પડઘા પાડતા, ગ્રહ-નક્ષત્ર-તારાના સમૂહને ઢાંકી વીજળીના ચમકારાથી જાણે કે આકાશને હસાવતા મેઘપટલ ગ્રીષ્મનો તાપ દૂર કરીને મુસાફરોને વીજળીરૂપ આંગળીથી ડરાવતા ગાજી રહ્યા છે. શ્યામ મેઘ આકાશમાં અંધકાર કરતાં જળની ધારાથી જાણે છે કે તેમને સ્નાન કરાવે છે, જેમ ગજ લક્ષ્મીને સ્નાન કરાવે છે. તે બંને વીરો વનમાં એક મોટા વડની બખોલ પાસે આવ્યા. તે ઘર જેવી લાગતી હતી.

એક દંભકર્ણ નામનો યક્ષ તે વડમાં રહેતો હતો. આમને તેજસ્વી જોઈને તેણે પોતાના સ્વામીને નમસ્કાર કરીને કહ્યું : હે નાથ! કોઈ સ્વર્ગમાંથી આવ્યું છે, મારા સ્થાનમાં બેઠા છે જેણે પોતાના તેજથી મને સ્થાનમાંથી દૂર કર્યો છે, ત્યાં હું જઈ શકતો નથી. યક્ષના વચન સાંભળીને યક્ષાધિપતિ પોતાના દેવો સાથે રામ-લક્ષ્મણ જ્યાં બેઠા હતા તે વડના વૃક્ષ પાસે આવ્યો. તે વૈભવસંયુક્ત વનક્રીડામાં આસક્ત હતો. તેનું નામ નૂતન હતું. તેણે દૂરથી જ રૂપાળા બંને ભાઈઓને જોઈને અવધિથી જાણી લીધું કે આ બળભદ્ર ને નારાયણ છે. તેમના પ્રભાવથી તેને અત્યંત વાત્સલ્ય થયું. ક્ષણમાત્રમાં તેણે મનોજ્ઞ નગરીનું નિર્માણ કર્યું. તેઓ સુખપૂર્વક સૂઈ રહ્યા હતા. (ક્રમશઃ) ❋

> પરમત મૃદુવચન-રચિત ભી હૈ, નિજ ગુણ સંપ્રાપ્તિ રહિત વહ હૈ;
> તવ મત નય-ભંગ વિભૂષિત હૈ, સુસમન્તભદ્ર નિર્દૂષિત હૈ. ૧૪૩

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન તથા ઉત્તર

(આપેલ વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા ભરો)

(૧) ભાવ નિર્ગ્રંથપણું ક્યા ગુણસ્થાને શરૂ થાય ?
(અ) ચોથે (બ) પાંચમે (ક) છઠ્ઠે (..........)

(૨) નય કોને ન હોય ?
(અ) મિથ્યાદષ્ટિને (બ) કેવળીને (ક) બંનેને (..........)

(૩) નય ક્યારે શરૂ થાય ?
(અ) સમ્યગ્દર્શન પહેલાં (બ) સમ્યગ્દર્શન પછી (ક) છઠ્ઠા ગુણસ્થાને (..........)

(૪) સમ્યગ્દષ્ટિને સિદ્ધ ભગવાન જેટલું સુખ છે કે સિદ્ધ ભગવાન જેવું સુખ છે ?
(અ)જેટલું (બ) જેવું (ક) બંને (..........)

(૫) સૌ પ્રથમ ક્યો રાગ છૂટે ?
(અ) બુદ્ધિપૂર્વકનો (બ) અબુદ્ધિપૂર્વકનો (ક) બંને (..........)

(૬) દર્શનમોહનીય કર્મની વધારેમાં વધારે સ્થિતિ કેટલી ?
(અ) ૭૦ સાગર (બ) ૭૦ કરોડ સાગર (ક) ૭૦ ક્રોડાક્રોડી સાગર (..........)

(૭) સિદ્ધ ભગવાનને સ્વભાવ અર્થ પર્યાય અને વિભાવ વ્યંજન પર્યાય હોય છે ?
(અ) હા (બ) ના (..........)

(૮) બધા સિદ્ધ ભગવાનને અર્થ પર્યાય સરખી હોય છે ?
(અ) હા (બ) ના (..........)

(૯) વિદેહક્ષેત્રમાં તિર્થંકર ક્યારે હોય ?
(અ) ત્રણે કાળ (બ) ચોથા કાળમાં (ક) પંચમકાળમાં (..........)

(૧૦) અજ્ઞાની ઉપભોગને ભોગવે છે ?
(અ) હા (બ) ના (..........)

(૧૧) રાગ જ્ઞાનીને હોય કે અજ્ઞાનીને ?
(અ) જ્ઞાનીને (બ) અજ્ઞાનીને (ક) બંનેને (..........)

(૧૨) સકલ સંયમ કોને હોય ?
(અ) ચોથા ગુણસ્થાને (બ) પાંચમા ગુણસ્થાને (ક) મુનિને (..........)

(૧૩) દ્રવ્યના થોડા ભાગમાં હોય પણ કાયમ હોય તેવું શું છે ?
(અ) ગુણ (બ) પર્યાય (ક) એવું હોય જ નહીં (..........)

(૧૪) અલોકાકાશમાં કેટલા દ્રવ્ય હોય છે ?
(અ) એક (બ) છ (ક) શૂન્ય (..........)

(૧૫) જગતના દરેક દ્રવ્યની સ્વતંત્રતા ગુણને કારણે છે ?
(અ) અગુરુલઘુત્વ (બ) અસ્તિત્વગુણ (ક) વસ્તુત્વગુણ (..........)

(૧૬) મલિનતા શેમાં હોય ?
(અ) સ્વભાવમાં (બ) શક્તિમાં (ક) પર્યાયમાં (..........)

(૧૭) એક જીવને ઓછામાં ઓછા અને વધારેમાં વધારે શરીર હોય તો કેટલા ?
(અ) ૨ અને ૪ (બ) ૩ અને ૪ (ક) ૨ અને ૩ (..........)

(૧૮) મનુષ્યગતિમાં કેટલા જીવો હોય ?
(અ) સંખ્યાત (બ) અનંત (ક) અસંખ્યાત (..........)

(૧૯) કોથળીમાં રૂપિયા છે તેમ દ્રવ્યમાં ગુણો હશે ?
(અ) હા (બ) ના (..........)

(૨૦) શરીર કેટલા પ્રકારના હોય છે ?
(અ) ચાર (બ) પાંચ (ક) ત્રણ (..........)

## પ્રૌઢ માટેના આપેલ પ્રશ્નોના ઉત્તર

(૧) ૪ થે (અ)
(૨) બન્નેને (ક)
(૩) સમ્યગ્દર્શન પછી (બ)
(૪) જેવું (બ)
(૫) બુદ્ધિપૂર્વકનો (અ)
(૬) ૭૦ ક્રોડાક્રોડી સાગર (ક)
(૭) ના (બ)
(૮) હા (અ)
(૯) ત્રણેકાળ (અ)
(૧૦) ના (બ)
(૧૧) બન્નેને (ક)
(૧૨) મુનિને (ક)
(૧૩) એવું હોય જ નહીં (ક)
(૧૪) એક (અ)
(૧૫) અગુરુલઘુત્વ (અ)
(૧૬) પર્યાયમાં (ક)
(૧૭) ૨ અને ૪ (અ)
(૧૮) અસંખ્યાત (ક)
(૧૯) ના (બ)
(૨૦) પાંચ (બ)

(અનુસંધાન પેજ નં. ૧૯ થી ચાલુ) (અનુભવપ્રકાશ)

હોતો નથી. જગતનું વિધાન જૂઠું ભાસ્યું અને આત્મવિધાન સાચું ભાસ્યું એટલે આત્મસ્વભાવ પ્રકાશ્યો. આત્માએ પોતે પોતાથી ઓળખાણ કરી ત્યારે ચેતનભાવ ખ્યાલમાં આવ્યો અને શુદ્ધભાવના કરી-નિજભાવના કરી—શિવપદને અનુસરી આનંદરસથી ભરી, ભવબાધા વિનાશી આત્માનંદ પ્રગટ કર્યો તે સમાધિ છે. (ક્રમશઃ) ❊

## સાત ભાવ વ્યસનોનું સ્વરૂપ

વ્યસન એટલે ખરાબ આદત. વ્યસન પાપનું મૂળ છે. વ્યસન દુઃખદાયક છે. દુઃખોનું ઘર છે. વ્યસન કુગતિમાં લઈ જનાર છે. વ્યસન આત્મજ્ઞાનને રોકનાર છે.

**(૧) દ્રવ્ય વ્યસન :** જે દુરાચારી ભાવમાં શરીર નિમિત્ત હોય તે દ્રવ્ય વ્યસન. જેમ કે દારૂ પીવો, શિકાર કરવો, જુગાર રમવું વગેરે.

**(૨) ભાવ વ્યસન** : જૂઠા મોહ પરિણામની અંતરંગ કલ્પના એટલે ભાવ વ્યસન. આ ભાવ વ્યસનમાં ક્રિયા ભલે ન હોય પરંતુ પરિણામનું ફળ પાપ જ છે. ભાવ વ્યસન સાત પ્રકારના છે.

**(૧) ભાવ જુગાર** : અશુભકર્મના ઉદયમાં હાર અને શુભકર્મના ઉદયમાં વિજય માનવો તે ભાવ જુગાર.

**(૨) ભાવ માંસભક્ષણ** : શરીરના વિષયોમાં લીન થઈ જવું તે ભાવ માંસ ભક્ષણ.

**(૩) ભાવ મદ્યપાન** : મિથ્યાત્વથી મૂર્છિત થઈને સ્વરૂપને ભૂલી જવું તે ભાવ મદ્યપાન.

**(૪) ભાવ વેશ્યાગમન** : કુબુદ્ધિના રસ્તે ચાલવું તે ભાવ વેશ્યાગમન.

**(૫) ભાવ શિકાર** : કઠોર પરિણામથી કોઈપણ પ્રાણીને ઘાત કે દુ:ખી કરવાના ભાવ તે ભાવશિકાર.

**(૬) ભાવ પરસ્ત્રીસંગ** : દેહાદિ પરવસ્તુમાં મોહ કરવો તે ભાવપરસ્ત્રીસંગ.

**(૭) ભાવચોરી** : અતિશય મોહથી પરપદાર્થોનું પૂછયા વિના ગ્રહણ કરવાનો ભાવ તે ભાવ ચોરી.

*(નાટક સમયસાર, સાધ્ય-સાધકદ્વાર, ગાથા ૨૯ના અર્થમાંથી)*

---

## ચક્રવર્તીનો વૈભવ

ચક્રવર્તી પાસે ચૌદ રત્નો હોય છે તેમાં સાત સજીવ રત્ન, સાત નિર્જીવ રત્ન હોય છે

સજીવ રત્ન (સાત) : ૧. સ્ત્રીરત્ન– પટરાણી, ૨. હસ્તી રત્ન–એક વિશેષ હાથી. ૩. અશ્વરત્ન–એક વિશેષ ઘોડા, ૪. સેનાપતિ રત્ન–સેનાપતિ જે યુદ્ધમાં નેતૃત્વ કરે છે. ૫. ગૃહપતિ રત્ન–ગૃહ વ્યવસ્થા આદિ કાર્ય. ૬. પુરોહિત રત્ન–ધર્મ-કર્મ અને માર્ગદર્શન કરાવવાળો પુરોહિત, ૭. સ્થપતિ રત્ન–ભવન અને મહેલ બનાવવાવાળો શિલ્પી.

નિર્જીવ રત્ન (સાત) : ૧. ચક્ર રત્ન–શત્રુઓના સંહાર માટે દિવ્ય ચક્ર, ૨. છત્ર રત્ન–સેનાને તડકો, વરસાદ અને ઓલાથી રક્ષા કરે, ૩. અસિ રત્ન–એક શક્તિશાળી તલવાર, ૪. દંડરત્ન–જમીનને સમતલ અને ગુફાના દરવાજા ખોલવામાં કામ આવે છે. ૫. કાકિણી રત્ન–અંધકારને દૂર કરવા માટે ચંદ્ર અથવા સૂર્યનો પ્રકાશ ફેલાવે છે. ૬. મણિ રત્ન–ઈચ્છિત પદાર્થોને દેવાવાળું કિમતી રત્ન, ૭. ચર્મ રત્ન–સેનાને નદી આદિ પાર કરાવે અને ઉપદ્રવથી બચાવે.

આ ઉપરાંત નવ નિધિ, ૯૬૦૦૦ રાણી, હજારો પુત્ર-પુત્રીઓ, એક ક્રોડાક્રોડ હલ, ૩ કરોડ ગાય, ૧૮ કરોડ પાયદળ, ૮૪ કરોડ સુભડ વીર, ૮૪ લાખ હાથી, ૯૪ લાખ રથ, છ ખંડનું રાજ્ય, ૯૬ કરોડ ગામ, ૭૫ હજાર શહેર, ૭૬ હજાર ખેટ-ઉપનગર, ૩૨ હજાર મુકુટબદ્ધ રાજા, એક કરોડ સુવર્ણના થાળ, ૪ હજાર મંડબ, ૪૮ હજાર પટ્ટણ, ૯૯ હજાર દ્રોણ, ૭૪ હજાર સંવાહન, ૨૮ હજાર દુર્ગ.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૧૫ થી ૬-૩૫ | : | પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | શ્રી સમયસાર ઉપર (૧૮મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી સમયસાર કલશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૭-૪૫ થી ૮-૪૫ | : | શ્રી પરમાત્મપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

### ✻ ભગવાન શ્રી કુંદકુંદાચાર્ય 'આચાર્યપદવી દિન' સમારોહ ✻

શ્રી કુંદકુંદાચાર્યદેવના 'આચાર્યપદવી દિન'નો ઉત્સવ માગશર વદ ૮, તા. ૧૨-૧૨-૨૦૨૫ ગુરુવારના રોજ ભગવાન કુંદકુંદાચાર્યદેવના વિશેષ પૂજન-ભક્તિના કાર્યક્રમ સાથે ઉજવવામાં આવશે.

### ✻ શ્રી જમ્બૂદ્વીપ-બાહુબલી જિનાયતન તૃતીય વાર્ષિકોત્સવ ✻

સુવર્ણપુરીના શ્રી જમ્બૂદ્વીપ-બાહુબલી જિનાયતનનો તૃતીય વાર્ષિક મહોત્સવ પોષ સુદ-૧૨ તા. ૧-૧-૨૦૨૬, ગુરુવારથી પોષ સુદ-૧૫ તા. ૩-૧-૨૦૨૬ શનિવાર સુધી ત્રિદિવસીય પૂજન, ભક્તિ, શિક્ષણવર્ગ આદિ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવશે.

## વૈરાગ્ય સમાચાર :–

✻ વસઈ-મુંબઈ નિવાસી શ્રી તન્મય દિનેશભાઈ મહેતા (ઉ.વ. ૪૭)નું તા. ૨૭-૧૦-૨૦૨૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✻ સુરત નિવાસી રેખાબેન દિનેશચંદ્ર શાહનું તા. ૨-૧૧-૨૦૨૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✻ સોનગઢ/મલાડના મુમુક્ષુ શ્રી નગીનદાસ હરગોવિંદદાસ અજમેરા (ઉ.વ. ૯૦)નું તા. ૨૭-૧૦-૨૦૨૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✻ તળાજા નિવાસી (હાલ વસઈ-મુંબઈ) જ્યોત્સનાબેન ધીરજલાલ શાહ (ઉ.વ. ૮૩) નું તા. ૧૧-૧૧-૨૦૨૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✻ લાઠી નિવાસી (હાલ બોરીવલી-મુંબઈ) ઈન્દિરાબેન કનૈયાલાલ ભાયાણી (ઉ.વ. ૮૬)નું તા. ૧૧-૧૧-૨૦૨૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

સ્વર્ગસ્થ આત્માઓ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

મારું આયુષ્ય ઘણું લાંબું છે, હાથ-પગ વગેરે બધાં અવયવો ખૂબ મજબૂત છે, આ લક્ષ્મી પણ મારા વશમાં છે તો પછી હું નકામો વ્યાકુળ શા માટે થાઉં ? ઉત્તરકાળમાં જ્યારે વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થશે ત્યારે હું નિશ્ચિંત થઈને ખૂબ ધર્મ કરીશ. ખેદની વાત છે કે આ જાતનો વિચાર કરતા કરતા આ મૂર્ખ પ્રાણી કાળનો કોળિયો બની જાય છે. *(શ્રી પદ્મનંદી પંચવિંશતિ, અધિ-૧, શ્લોક ૧૭૦)*

## આત્મધર્મ સંબંધી અગત્યની સૂચના

આપ અમારા મુમુક્ષુ છો. આત્મધર્મ ગુજરાતી અંક તમને ઘણા સમયથી મોકલીએ છીએ. હવે ટ્રસ્ટે નક્કી કરેલ છે કે જે ગ્રાહક ૧૫ વર્ષથી વધુ સમયના છે તેમને આગલા મહિનેથી અંક મોકલવાનું બંધ કરવામાં આવશે. જો તેમણે આત્મધર્મ અંક ફરીથી ચાલુ કરવો હોય તો તેઓ આત્મધર્મ કાર્યાલયને એક સંમતિપત્રક મોકલશો તો તમને બીજા ૫ વર્ષ માટે રીન્યુ કરી આપવામાં આવશે.

આ ઉપરાંત જેઓને ફીઝીકલ કોપી ન જોઈતી હોય તો તેમને **email** અથવા **whatsapp** પર **PDF** ફાઈલ મોકલવામાં આવશે. માટે તમે તમારો વ્યવસ્થિત જવાબ આપશો તે મુજબ તમારો સંતોષ કરવામાં આવશે.

તમારું સંમતિપત્ર આત્મધર્મ કાર્યાલય અથવા **email** કે **Whatsapp** પર મોકલી શકો છો.

આત્મધર્મ કાર્યાલય,
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ (જિ. ભાવનગર)

**email contact@kanjiswami.org**
**Whatsapp No 9276867578**

## સંમતિપત્ર

પ્રતિ શ્રી આત્મધર્મ કાર્યાલય

આથી હું ........................................................................................ જણાવું છું કે અમારે ત્યાં આપના દ્વારા મોકલવામાં આવતા આત્મધર્મ અંકનું અમે નિયમિત વાંચન/ સ્વાધ્યાય કરીએ છીએ. તથા કોઈ પ્રકારનો અવિનય અશાતના અમારા દ્વારા થતી નથી. તેથી અમારા માટે આત્મધર્મ અંક રીન્યુ કરવા વિનંતી છે.

આત્મધર્મ ફિઝીકલ /**email** / **whatsapp** ........................ દ્વારા અમને મોકલશો.

ગ્રાહક નંબર : ..................

નામ : ................................................................

સરનામું : ...........................................
...........................................
............................................

સંપર્ક નં. : ...............................

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

● જે સર્વજ્ઞના શાસ્ત્રથી વિરૂદ્ધ વાત પ્રરૂપતા હોય, તત્ત્વથી જેમની વિપરીત દૃષ્ટિ હોય તે કુગુરુ છે. આ વાત કુગુરુ માટે નથી પણ પોતાનું જ્ઞાન સાચું થાય તે માટે છે કે જેથી મિથ્યાજ્ઞાન છૂટે અને સત્યનો સ્વીકાર થાય. ૭૨૨

● ધર્મી જીવ વાણીનો યોગ, પુણ્યનો ઉદય હોય તો, વાદ-વિવાદ કરી અસત્યનું ઉત્થાપન તથા સત્‌નું સ્થાપન કરે પરંતુ તે ન હોય તો જ્ઞાનીને અંતરમાં અસત્યનો નકાર-નિષેધ તલ્લાક આવે જ. ત્યાં શાંતિ જાળવી રાખનાર, મિથ્યા મધ્યસ્થભાવ રાખનાર મિથ્યાદૃષ્ટિ છે, સમ્યગ્દૃષ્ટિ ત્યાં શીતળ થઈને બેસી રહે નહીં, પોતાની માતા ઉપર આળ આવે તો સુપુત્ર શું શાંતિથી તે સાંભળી રહે ? તત્ત્વથી વિરુદ્ધ કથન આવે ત્યાં ધર્મી તેને સહી શકે નહીં. ૭૨૩.

● કોનો સમાગમ કરવાથી સમ્યક્ શ્રદ્ધાન આદિ થાય. આત્મવૃદ્ધિ થાય તથા કોની સંગતિથી મિથ્યાત્વ પુષ્ટ થશે. ચાર ગતિનું ભ્રમણ એમને એમ બન્યું રહેશે. દુર્ગતિનું કારણ થશે તે બેની બરાબર પરીક્ષા કરી નિર્ણય કરવો જોઈએ. ૭૨૪.

● જેને આત્માની શાંતિ-સુખ જોઈતું હોય તેણે આત્મામાં સુખની સત્તા-હયાતી માનવી જોઈએ. તથા તે સુખને કોણ પામ્યા છે તેનો પણ નિર્ણય કરવો જોઈએ. આ મોક્ષમાર્ગમાં પ્રયોજનભૂત રકમ છે. ૭૨૫.

● પ્રશ્ન : અમે અન્ય દેવાદિની ભક્તિ આદિ કરતા નથી તો અમને ગૃહીત મિથ્યાત્વ તો છૂટ્યું છે ને ? એટલો તો નફો થયોને ?

સમાધાન : ના, તેમ નથી, કેમકે તમને ગૃહીત મિથ્યાત્વનું જ્ઞાન જ નથી, અઢાર દોષ રહિત સાચા સર્વજ્ઞદેવ, તેમની અનેકાંત લક્ષણ હિતકારી વાણી તથા સાચા નિર્ગ્રંથ ગુરુની તમને ઓળખાણ જ નથી. કોઈ મોટા પુરુષની દેખાદેખીથી કે કુળ પરંપરાથી તમે સાચા દેવાદિને માનો છો પણ તમને અંતરંગમાં તેમનું સ્વરૂપ તો ભાસ્યું નથી, તેથી તમને ગૃહીત મિથ્યાત્વ છૂટ્યું કહી શકાય નહીં.

અહીં તો કુદેવાદિનો સંબંધ તોડી સાચા દેવાદિમાં લગની લગાડી તત્ત્વનો નિર્ણય કરીને જે અંતરંગ શુદ્ધ તત્ત્વનું શ્રદ્ધાન આદિ કરશે તેનું કલ્યાણ થશે. ૭૨૬.

આત્મધર્મ
ડિસેમ્બર-૨૦૨૫
અંક-૪ ● વર્ષ-૨૦

Posted at Songadh PO
Publish on 1-12-2025
Posted on 1-12-2025

Registered Regn. No. BVR-367/2024-2026
Renewed upto 31-12-2026
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org